વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
UMA SRUSHTI
₹ ૫૦-૦૦
₹ 50-00

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ જુલાઈ, ૨૦૨૩
01 July 2023
એક વૈશ્વિક વિચારધારા
Vishv UMIYA Foundation

તંત્રી-ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel

તા. ૧૮ જુલાઈ, ૨૦૨૩થી
અધિક શ્રાવણ માસ શરૂ થાય છે



|| मासानामुत्तमो मासः पुरुषोत्तमनामकः । ||
|| यंत्र संकीर्त्यते साक्षात् विष्णुर्नारायणो हरिः ॥ ||

આ અધિક માસ કે જે પુરુષોત્તમ નામે ઓળખાય છે, તે સર્વ માસોમાં ઉત્તમ છે. કારણ આ માસમાં સાક્ષાત્ નારાયણ વિષ્ણુ ભગવાનનું વ્રત, જપ, ઉપવાસ અને આરાધના કરવાથી અધિક ફળ પ્રાપ્ત થાય છે.

## નવી દિશા... નવા વિચાર...













# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

## જય સહકાર... જય કિસાન...



વિષ્ણુભાઈ પટેલ
સેક્રેટરી

અરવિંદભાઈ પટેલ
વા. ચેરમેન

દિનેશભાઈ પટેલ
ચેરમેન

તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D, Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS, OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701
hello@mayflowerhospital.com
+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India


Special
NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023
CELEBRATING 40 YEARS
GAJANAND
RETAIL
દેશની યાદગીરી,
ગજાનંદ મસાલા વગર અધૂરી
₹2501/- ની ખરીદી ઉપર
10 ગ્રામ ચાંદીનો સિક્કો
ફ્રી
Silver Coin
₹4501/- ની ખરીદી ઉપર
20 ગ્રામ ચાંદીનો સિક્કો
GAJANAND
Tejalal
Resham Laal
Kumthilal Kashmiri Chilli Powder
25% Extra
KHAMAN
Gapata Sapata
CORIANDER-CUMIN POWDER
अचार
Curcuveda
100+ પ્રોડક્ટ રેન્જ
• કુમઠીલાલ કાશ્મીરી મરચું
• રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
• પ્રીમિયમ મરચું
• તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
• કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
• પ્રીમિયમ હળદર પાવડર
• પ્રીમિયમ ધાણાજીરું પાવડર
• પ્રીમિયમ ધાણા પાવડર
• સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
• તેજાના
• આચાર મસાલા
• કાબુલી સ્ટ્રોંગ હીંગ
• ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
• ઇન્સ્ટન્ટ મિક્સ
• આસામની પ્રીમિયમ ચા
• ફરાળી પ્રોડક્ટ્સ
• મુખવાસ
• નેચરલ સીડ્સ
• પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
• પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
• કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...
એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ
રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઈટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111
આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

# ઉમા સૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**જુલાઈ ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૧ **અંક:** ૦૭
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**July 1, 2023**
**Year :** 1 **Ank :** 7
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
| --- | --- |
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Utpal Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Ashok Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ




## કવર સ્ટોરી-૨૬

ઉમિયા નવશક્તિધામ - રીચમોન્ડ, કંટકી ખાતે નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા 'ઉમા સૃષ્ટિ'નો સ્પેશિયલ અંક પ્રકાશિત કરાયેલ. આ અદ્ભુત અને નયનરમ્ય સામયિકના પ્રતિભાવો.


**૧૩ પ્રાર્થના**

**૧૪ વેદોનો દિવ્ય સંદેશ**

**૧૫ શ્રી રામચરિત માનસ કથાસાર**

**૧૬ આપણા આત્માની સાક્ષીએ**





**૧૯ શિક્ષણનો ઉદ્દેશ: માણસના ચારિત્ર્યમાં પરિવર્તન**

**૨૦ બાળકો**

**૨૧ પરમ પિતા પરમેશ્વરને...**

**૨૨ ખુશી માટે ત્રણ વસ્તુઓ સૌથી મૂલ્યવાન છે: પરિવાર, મિત્રો અને તંદુરસ્તી**

**૨૩ શિક્ષણમાં પહેલાં ખાનગીકરણ, પછી વેપારીકરણ અને અત્યારે બજારીકરણ**





**૨૫ બેટા, લગ્નમાં સમાધાન કરતાં સમજણ વધારે મહત્ત્વની છે!**

**૨૮ દાંપત્યનો દસ્તાવેજ: પસંદગીનું પર્વ**





**૩૦ બાળઉછેર એક કળા છે**

**૩૧ પ્રશંસા અને ખુશામત વચ્ચેનો ભેદ પારખવો સહેલો નથી**

**૩૨ શરીરને મેં બહુ છેતર્યું છે**

**૩૩ વિરોધ ક્યારેક વરદાન બને છે**

**૩૪ પૈસા કમાવો - ચરિત્ર ન ગુમાવો: મદદ લો - બાંધછોડ ના કરો**

**૩૫ ધનના પ્રત્યેક ઢગ પાછળ ગુનાખોરીના સાપ સળવળે છે**

**૩૭ વામન રાજાનો - વિરાટ હિંડોળો**





**૩૮ બાલ સૃષ્ટિ**

**૩૯ પ્રવૃત્તિઓ**

**૪૫ સમાચાર**

**૪૭ વીયુએફ**




**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

# તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




લો પાછું સવાર થઈ ગયું!
જેને સૌ આજ કહેતા હતા,
એ તો ગઈ કાલ થઈ ગયું.
પળમાં બદલાય આ જિંદગી...
થોડા સમય પહેલાં જે રાત હતી,
એનું જ નામ 'સવાર' થઈ ગયું.

# યુ.એસ. પાટીદાર સંપર્ક યાત્રા

હે ઉમાવંશીઓ!

આપ સૌ ઉમિયાના અમૃતપુત્રોને આદર સાથે વંદન.

મિત્રો! ફૂલની સુગંધને કોઈ રોકી શક્યું છે? વહેતા ઝરણાને કોણ અટકાવી શક્યું છે? બસ, એવી જ રીતે વિશ્વ ઉમિયાધામ - અમદાવાદની પાવન ધરતી ઉપર નિર્માણાધીન વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) **ઉમિયા શક્તિ મંદિરની ધર્મ પ્રેરિત - સમાજકલ્યણી હવા હવે દરિયાપાર અમેરિકા સુધી પહોંચી ચૂકી છે.**

આ અનુભવ અમને અમારી યુ.એસ. પાટીદાર સંપર્ક યાત્રા દરમિયાન થયો. ૨૦૦૩માં મેકન - જ્યોર્જિયા ખાતે મા ઉમિયાના પ્રથમ મંદિર નિર્માણ પછી તો અત્યારે લગભગ એક ડઝન મંદિર નિર્માણની શરૂઆત થઈ ચૂકી છે. **છેલ્લે રીચમોન્ડ - કંટકી ખાતે નવશક્તિ ઉમિયાધામનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવે તો ચાર ચાંદ લગાવી દીધા.**

યુ.એસ.માં ખમતીધર પાટીદારોએ ગજબની ખેપ લગાવી છે. આ પાટીદારોનો ઉજાસ પૂરા યુ.એસ.માં ફેલાવવાનો છે. મા ઉમિયાના માધ્યમથી તેમનો ઉત્સાહ આવતી કાલે ઉગનારો સૂરજ પાટીદારો છે તેની ઝાંખી કરાવતો હતો. **સમાજને બદલવા માટે એક જોરદાર અભિયાન સાબિત થશે. દેશ અને પરદેશમાં ભારતીય સંસ્કૃતિનું રખોપું થશે.**

અમેરિકા ખાતે પાટીદારોનો એક આગવો ઈતિહાસ લખાશે. દરેક સ્ટેટ - શહેર - નગરમાં વસતા પાટીદાર ભામાશાઓ, શ્રેષ્ઠીઓ, સહાયકો, દાતાઓ અને શુભેચ્છકોના અલગ પ્રકરણોનું તેમાં સ્થાન હશે. **ત્યાંના સર્વ પાટીદારોની સમજદારી અને વફાદારીને વંદન.**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જેવી વિશ્વ વિખ્યાત સંસ્થા - જે વિશ્વમાં સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિ મંદિરનું નિર્માણ કરી રહી છે તે સંસ્થાનું નેતૃત્વ કરતા **પ્રમુખ - (એક ડાયનેમિક પર્સનાલિટી) શ્રી આર. પી. પટેલ, ડૉ. પ્રભુદાસ પટેલ, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ (પૂર્વ એમ.એલ.એ.) અને ડૉ. રૂપલબેનની ટીમને અદ્‌ભુત આવકાર - સત્કાર મળ્યા.** લગભગ દરેક મિટિંગમાં શક્તિશાળી ગ્રોથ એન્જિન સમા **પ્રમુખશ્રીને તમામ ઓડિયન્સે ઊભા થઈ (સ્ટેન્ડિંગ ઑવેશન) બહુમાન આપ્યું તે નાની વાત નથી!**

ચાલો! આપણી સંસ્થાને જ્યોતિર્મય બનાવવા માટે ખેડૂત બીજ વાવે તેમ દાનને વાવો. ઈશ્વર અનેક ગણું કરીને પરત આપશે. જેમણે મદદ કરી છે તે સૌને પુનઃ સ્મરણમાં લાવી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ અને **આજ પછી પણ આ સેવાયજ્ઞમાં જેનો સાથ-સહકાર મળવાનો છે તે સૌને હૃદયની સલામ સાથે.**


**માણિક્યમ્**

જીવન આપણને તરવાનો મોકો આપે છે, પણ આપણને ડૂબવામાં રસ છે. સત્તા - વૈભવ - વિલાસ - મોહ - શુદ્ર તૃષ્ણાઓ - કીર્તિ - હઠ - વટ - લોભ - લાલચ - પરિગ્રહ... આ બધામાં માણસ ડૂબતો જ રહે છે... અને પછી ફરિયાદ કરે છે કે મને કિનારો નથી મળતો!!!

**- ચં. ચી. મહેતા**

તંત્રી

# પ્રમુખશ્રીનું નિવેદન



# અમેરિકાની ધર્મ - સામાજીક યાત્રા

મિત્રો !

જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાની કટિબદ્ધતા સાથે વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહેલ છે, ત્યારે વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતા પાટીદારોને મા ઉમિયાના આસ્થા કેન્દ્રથી જોડીને વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણનું પ્લેટફોર્મ બને તેવા સંકલ્પ સાથે સંસ્થા કામ કરી રહી છે, તે અભિયાન અંતર્ગત તા. ૧૨ મે થી ૬ જુન, ૨૦૨૩ સુધી યુ.એસ.એ.માં વસતા પરિવારોને સંસ્થાકીય પ્રવૃત્તિઓથી માહિતગાર કરી સહભાગી કરવા ૧૫ જેટલા સ્ટેટમાં સંસ્થાની ટીમ સાથે ધર્મ - સામાજીક યાત્રાનો પ્રવાસ કર્યો, જેમાં મળેલ અવિસ્મરણીય પ્રેમ, સાથ અને સહકાર બદલ અમો સૌ યુ.એસ.એમાં વસતા સમાજના દરેક પરિવારો માટે હું આભાર અને અહોભાવની લાગણી અનુભવું છું.

સદર યાત્રામાં પોતાના ધંધા - રોજગાર - પરિવારની જવાબદારીઓ છોડીને મારી સાથે સહયાત્રી તરીકે જોડાયેલ ડો. પ્રભુદાસભાઈ પટેલ (ઉમાસૃષ્ટિ-તંત્રીશ્રી), શ્રી અરવિંદભાઈ પટેલ - ચેરમેનશ્રી (એન. આર.આઈ. કમિટી), શ્રી રસિકભાઈ પટેલ - ચેરમેનશ્રી (ઉમા પ્રસાદમ્ કમિટી), ડો. રૂપલબેન પટેલ (ચેરપર્સનશ્રી કેન્દ્રીય મહિલા કમિટી) તેમજ...યુ.એસ.એ. થી સતત અમારી સાથે સહયાત્રી થનાર સંસ્થાના ઉપપ્રમુખશ્રી વી.પી. પટેલ, કો-ઓર્ડિનેટરશ્રી શ્રી જે. પી. પટેલ, રસિકભાઈ પટેલ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી માણેકભાઈ પટેલ, યુથ કમિટી ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલ (ડેની), મેરીલેન્ડ ચેપ્ટરના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ, કો-ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, નોર્થ કેરોલીના ચેપ્ટર ચેરમેનશ્રી અશોકભાઈ પટેલ વિગેરે મિત્રોનો મળેલ સાથ-સહકાર અમારા માટે અદ્‌ભૂત અને અવિસ્મરણીય બની રહેશે.

સતત ૨૫ દિવસના પ્રવાસ માટે જેમણે ૧૫ સીટર્સની પોતાની વાન સંસ્થાના કામ માટે વિનામૂલ્યે વાપરવા માટે આપી તેવા કંટકીના ભાઈશ્રી એન. કે. પટેલ માટે હું અહોભાવની લાગણી અનુભવું છું અને જગતજનની મા ઉમિયાના આશીર્વાદ સદૈવ તેમના ઉપર બની રહે તેવી મા ઉમિયાને પ્રાર્થના કરું છું.

તા. ૧૯, ૨૦ અને ૨૧ મે, ૨૦૨૩ દરમિયાન કંટકી - રીચમોન્ડમાં નવનિર્મિત મા ઉમિયાના મંદિરના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહીને એક નવી જ ઊર્જાનો અનભુવ અમો સૌએ કર્યો છે. કંટક - નવશક્તિધામના પ્રમુખશ્રી રસિકભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમે અમોને આમંત્રિત કરી જે માન-સન્માન આપેલ છે તે બદલ તેમના અમો આભારી છીએ અને સદર મહોત્સવ દ્વારા સમગ્ર અમેરિકામાં આધ્યાત્મિક ચેતનાનો સંચાર કરીને સમાજના દરેક પરિવારોને મંદિરોના નિર્માણનો દિશાસૂચક સંદેશ આપવા બદલ સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સદર ધર્મ - સામાજીક યાત્રા દરમિયાન યુ.એસ.એ.ના ૯ સ્ટેટમાં નવા ચેપ્ટરોની રચના કરીને કુલ ૩૦ જેટલા વિવિધ ચેપ્ટરોમાં નવી ટીમને સંસ્થા સાથે જોડવામાં અમો સફળ રહ્યા છીએ. આ ઉપરાંત વોશિંગ્ટન ડીસીમાં ઈન્ડિયન એમ્બેસી તેમજ અમેરિકન ચેમ્બર્સ ઓફ કોમર્સના ચીફ એક્ઝયુક્યુટીવ સાથે સંસ્થાના હોદ્દેદારશ્રીઓએ મુલાકાત કરી, જેમાં પાસપોર્ટ રીન્યુઅલના પ્રશ્નોની રજૂઆત તેમજ બિઝનેસ, સ્પોર્ટ્સ અને કલ્ચરલ ક્ષેત્રે ન્યુ જનરેશનનું પ્રદાન કેવી રીતે વધારી શકાય તે અંતર્ગત ચર્ચાઓ દ્વારા વિશ્વ ઉમિયાધામના વીઝન અને મીશનથી તેમને માહિતગાર કરવાની તક આપણને મળી હતી, જેમાં યુથ કમિટી ચેરમેનશ્રી દિનેશભાઈ (ડેની) પટેલની ભૂમિકા કેન્દ્રસ્થાને રહી હતી.

સદર યાત્રાની પૂર્ણાહુતિ તા. ૪ જુન, ૨૦૨૩ના રોજ ન્યુજર્સી - એડીશન મંદિરના સૌજન્યથી જનરલ મીટિંગના આયોજન સાથે પૂર્ણ થઈ. જેમાં મોટાભાગના ચેપ્ટરોના હોદ્દેદારશ્રીઓ પ્રત્યક્ષ તેમજ ઝૂમના માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. સદર મીટિંગ દરમિયાન આગામી સમયમાં સક્રિય જવાબદારી સાથે યુ.એસ.એ.ના સંગઠનને કાર્યરત કરવા અંતર્ગત ચોક્કસ જવાબદારીઓ નક્કી કરવામાં આવી, જે અંતર્ગત....

આગામી વર્ષોમાં યુ.એસ.એ.ના વિવિધ સ્ટેટમાં જગતજનની મા ઉમિયાના અનેક મંદિરોનું નિર્માણ થાય તે માટે અલગથી ડીપોઝીટ ફંડ એકત્ર કરવું અને તેની ચોક્કસ પોલીસી બનાવવી તેવું નક્કી કરવામાં આવ્યું અને આ માટેની મહત્ત્વની જવાબદારી યુ.એસ.એ.ના તમામ કો-ઓર્ડિનેટરશ્રી મિત્રોને સોંપવામાં આવી અને યુ.એસ. એ.ના તમામ દાતાટ્રસ્ટી, સીટી મેમ્બર, ચેપ્ટરના હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ તેમજ અન્ય સંબંધિત માહિતીનો ડેટાબેઝ તૈયાર કરવાની જવાબદારી કો-ઓર્ડિનેટર શ્રી અતુલભાઈ તેમજ ન્યુજર્સી ચેપ્ટર ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ પટેલને સોંપવામાં આવી.

આ ઉપરાંત વિશ્વ ઉમિયાધામના યુ.એસ.એ.ના જુના - નવા તમામ ચેપ્ટરોને એક્ટીવ કરવા, તમામ ચેપ્ટરોમાં વધુમાં વધુ સભ્યોને વોટ્સએપ ગ્રુપમાં સામેલ કરવા, ન્યુ જનરેશનને સ્પોર્ટ્સ - કલ્ચરલ - બિઝનેસ જેવી અનેક પ્રવૃત્તિઓ સાથે યુ.એસ.એ.ના વિવિધ ક્ષેત્રોમાં સામેલ કરી સંસ્થાનું વૈશ્વિક સંગઠન મજબૂત બને તે પ્રકારની

કામગીરી સક્રિયપણે કરવા માટે ફૈંહ્લ - યુ.એસ.એ. કેન્દ્રિય કમિટીનું ગઠન કરવામાં આવ્યું. જેમા પ્રાથમિક તબક્કે મહિલા સંગઠનના ચેરપર્સન અનિતાબેન પટેલ સહિત સાત સભ્યોની નિમણૂંક કરવામાં આવી, જેમાં જરૂરી જણાયે અન્ય સભ્યોની નિમણૂંક કરવાની જવાબદારી સાથે કમિટીના ચેરમેન તરીકે શ્રી દિનેશભાઈ પટેલ (ડેની) ની નિમણૂંક કરવામાં આવી.

સદર કમિટીને વિશેષ કામગીરી અંતર્ગત યુ.એસ.એ.ના દરેક ચેપ્ટરના હોદ્દેદારશ્રીઓ સાથે દર માસે ઝૂમ મીટિંગનું આયોજન કરવું, દરેક ચેપ્ટરની કામગીરીનો અહેવાલ મોકલવો, સીટી મેમ્બર અભિયાન તેમજ વોટ્સએપ ગ્રુપમાં મહત્તમ મિત્રો જોડાય તે માટેની સક્રિય કામગીરી કરવાની જવાબદારી સોંપવામાં આવી, જેને કમિટીએ ઉત્સાહભેર સ્વીકારી તે માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતાં આનંદની લાગણી અનુભવું છું.

સદર મીટિંગનું આયોજન સફળતાપૂર્વક કરવા બદલ ન્યુજર્સી - એડીશન મંદિરના ચેરમેનશ્રી, પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી તેમજ તમામ હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવે તે માટે દરેકના વ્યક્તિગત તેમજ સામૂહિક આભાર વ્યક્ત કરું છું.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## સંસ્થાના વૈશ્વિક સંગઠન અંતર્ગત અમેરિકાની ધર્મ - સામાજીક યાત્રા દરમિયાન કરેલ મીટિંગ, ચેપ્ટર ફોર્મેશન તેમજ સ્નેહમિલન સમારોહની ઝલક...





VUF - USA બોસ્ટન ચેપ્ટર દ્વારા આયોજીત ટ્રસ્ટી - ધર્મસ્તંભ દાતાશ્રી સન્માન સમારોહ





VUF - USA ડેટ્રોઈટ મીશીગન ચેપ્ટર ફોર્મેશન મીટિંગ



VUF - USA ઈન્ડિયાનાપોલીસ ચેપ્ટર સ્નેહમિલન



VUF - USA મોન્ટગમરી - અલાબામા ચેપ્ટર - સ્નેહમિલન



VUF - USA શિકાગો ચેપ્ટર સ્નેહમિલન



VUF - USA કેન્સાસ ચેપ્ટર ફોર્મેશન - સ્નેહમિલન



VUF - USA સેન્ટ લુઈઝ ચેપ્ટર ફોર્મેશન - સ્નેહમિલન



ટેક્સાસ, દલાસ, ઓસ્ટીન, હ્યુસ્ટન ચેપ્ટર સ્નેહમિલન



પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ - રીચમોન્ડ, કટકી - યુ.એસ.એ.



VUF - USA ક્લેવલેન્ડ - ટેનેસી ચેપ્ટર ફોર્મેશન





VUF - USA નેશવીલે - ટેનેસી ચેપ્ટર - સ્નેહમિલન






VUF - USA ધાર્મિક-સામાજીક યાત્રા બાદ કો-ઓર્ડિનેટરશ્રી, તમામ ચેપ્ટર ચેરમેન-કો-ચેરમેનશ્રી, ચેરપર્સન-કો-ચેરપર્સન, યુથ ચેરમેનશ્રી, દાતાટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓની સંયુક્ત કો-ઓર્ડિનેશન મીટિંગનું આયોજન - ન્યુજર્સી ખાતે કરવામાં આવેલ.

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.


Celebrating More than 40 years of Trust, Taste & Purity
www.ankuroils.com
SINCE 1978
Ankur®
EDIBLE OILS
એજ અતૂટ બંધન
100% NATURAL
New Pack
Ankur
GROUNDNUT OIL
Our Other Products:
Refined Cottonseed Oil, Refined Sunflower Oil,
Refined Soyabean Oil, Refined Corn Oil,
Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil
Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015
Business Inquiry No.: +91 82382 38250
Follow us on:
marshmallow

उन्नति
सबमर्सिबल पम्प

Unnati®
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it
Together we have always done it"*



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
ISO 9001
BUREAU VERITAS
Certification
CE
IS : 8034

**Unnati Pumps Private Limited**
81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128
Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com



**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**
લેખક જાણીતા કવિ, વિવેચક અને વિદ્વાન સાહિત્યકાર છે

# પ્રાર્થના

## ઈશ્વરનો આભાર માનવાની ભાવદશા

આભાર માન...
કૈંકને દુર્લભ છે શ્વાસો જે મફત વહેતી હવા,
શ્વાસ તારાથી સહજ લેવાય છે? **આભાર માન.**
કૈંકની મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,
ટૂંકમાં બહેતર જીવન જિવાય છે, **આભાર માન.**
કૈંકને દૃષ્ટિ નથી ને કૈંકને જોતાં ધૂંધળું,
આંખથી ચોખ્ખું તને દેખાય છે ? **આભાર માન.**
જ્ઞાનતંતુની બીમારી ને હૃદયની કોઈને,
આ જગત સ્પર્શાય છે? સમજાય છે? **આભાર માન.**
કૈંક ઉબાઈ ગયા છે કૈંક પાગલ થઈ ગયા,
જીવવાનું મન પળેપળ થાય છે? **આભાર માન.**
એકસરખું જો હશે કૈં પણ તો કંટાળી જઈશ,
વત્તુંઓછું જો હૃદય હરખાય છે, **આભાર માન.**
જીભના લોચા નથી વળતા ન દદડે આંસુઓ,
હોઠ આ ફફડે છે તો બોલાય છે? **આભાર માન.**
વ્હેણ સુકાયા નથી ને અવસરે શોભે હજી,
આંસુ પણ પાંચમાં પુછાય છે, **આભાર માન.**
કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત,
આજે આભારવશ થઈ જાય છે, **આભાર માન.** ■





**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**समानी व आकूतिः समाना हृदयानि वः ।**
**समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥**



**ભાવાર્થ:** અમારું હૃદય, મન અને સંકલ્પ એક જ હોય, જેનાથી અમારું સંગઠન ક્યારેય બગડે નહીં.

**સંદેશ:** સંગઠન, સહયોગ અને મૈત્રીભાવ સ્વસ્થ સમાજનાં આવશ્યક અંગો છે. સમાજમાં દરેક પ્રકારના માણસો હોય છે. મૂર્ખ-વિદ્વાન, રોગી-સ્વસ્થ, નાસ્તિક-આસ્તિક, ભોગી-ત્યાગી વગેરે પરસ્પર વિરોધી પ્રકૃતિના માણસો ચારે બાજુ દેખાય છે. દરેક માણસનો દષ્ટિકોણ, વિચાર, અનુભવ, અભ્યાસ, જ્ઞાન, સ્વાર્થ, રુચિ અને સંસ્કાર જુદા જુદા હોય છે. એટલે બધા એકસરખું વિચારી શકતા નથી. તેથી એ જરૂરી છે કે દરેક માણસ બીજા પ્રત્યે સહિષ્ણુ અને ઉદાર બને. મતભેદ રાખનારને મૂર્ખ, અજ્ઞાની, દુરાગ્રહી, દુષ્ટ અથવા વિરોધી માની લેવો યોગ્ય નથી. **સહિષ્ણુતા જ સંગઠનનો પ્રાણ છે. તેના આધારે સમાજમાં બધાનાં હૃદય, મન અને સંકલ્પ એક જ દિશામાં ચાલે છે અને દરેક ક્ષેત્રમાં ઉન્નતિ થાય છે.**

અસહિષ્ણુતાથી સમાજમાં ઠગાઈ, વિશ્વાસઘાત, ક્રોધ, વેરઝેર વગેરે બુરાઈઓ જન્મે છે અને અરાજકતાનું વાતાવરણ બની જાય છે. સમાજમાં ચારે બાજુ દાદાગીરી, ગુંડાગીરી, લુચ્ચાઈ તથા પ્રપંચનો ભય ફેલાય છે. **જનજીવન અસુરક્ષિત અને અશાંત થઈ જાય છે. આજે બધે જ આવું જોવા મળે છે.**

સંગઠનનો અત્યંત સુંદર આદર્શ આપણને ભગવાન શિવશંકરના જીવનમાં જોવા મળે છે. આંધળા, લંગડા, કોઢવાળા, રોગી બધાને એકસરખા માનીને પોતાની સાથે રાખવાનું તેમનામાં સામર્થ્ય હતું. સર્પ જેવા બીજાને ડસીને તેનું અહિત કરવાની ખરાબ ભાવનાથી ઘેરાયેલા લોકોને તેમણે પોતાના વશમાં રાખ્યા હતા અને પોતાના ગળાનો હાર બનાવ્યા હતા. આ રીતે વિવિધ અને વિપરિત પ્રકૃતિના માણસોને એક સૂત્રમાં બાંધી સમાજ માટે ઉપયોગી બનાવવાનો સંકલ્પ તેમણે ચરિતાર્થ કર્યો હતો. પોતે નગ્ન રહ્યા, ભસ્મ લગાવતા રહ્યા, પોતાની જરૂરિયાતો ઓછામાં ઓછી રાખી, **બધાના કલ્યાણાર્થે વિષ પીધું અને સાથે સાથે સમાજના દરેક વર્ગમાં સહયોગ, સહકાર અને સહિષ્ણુતાની ભાવનાની સ્થાપના કરી.**

સમાજ અને કુટુંબની સર્વતોમુખી પ્રગતિ માટે એ જરૂરી છે કે લોકો બીજાના વિચારોને મહત્ત્વ આપે, સારી વાતોને માને અને ખોટી વાતોનો પ્રતિકાર કરે. **પોતાના સન્માન અને સહિષ્ણુતામાં સંગઠનની શક્તિ સમાયેલી છે.**

આપણે જોઈએ છીએ કે ચોર, ડાકુ, બદમાશ વગેરે પોતાનું સંગઠન કેટલું મજબૂત રાખે છે. કોઈ પણ પ્રકારનો મતભેદ કરતા નથી અને એકે કહી દીધું તેનું બીજા બધા જીવનપર્યંત પાલન કરે છે. તેનું કારણ એ હોય કે તેમને પોતાના નેતાનો ભય રહે છે. જો તેઓ વિરોધ કરે, અસહયોગ કરે, તો સરદાર જાનથી મારી નાખે છે. આપણે પોતાના નેતાને, સરદારને બિલકુલ ભૂલી ગયા છીએ. આપણા નેતા અને સરદાર છે સર્વશક્તિમાન પરમેશ્વર. તે દંડ કરી શકે છે અને કરે પણ ખરા. **આ હકીકતને ભૂલી જવાથી સંસારમાં ઘણી બુરાઈઓ પેદા થાય છે અને ફૂલેફાલે છે.**

આપણા વિદ્વાનોમાં અને સમજદારોમાં બ્રાહ્મણત્વની ઓછપ આવવાથી જ આ પરિણામ આવ્યું છે. ■

**આપણે પોતાના નેતાને, સરદારને બિલકુલ ભૂલી ગયા છીએ. આપણા નેતા અને સરદાર છે સર્વશક્તિમાન પરમેશ્વર. તે દંડ કરી શકે છે અને કરે પણ ખરા. આ હકીકતને ભૂલી જવાથી સંસારમાં ઘણી બુરાઈઓ પેદા થાય છે અને ફૂલેફાલે છે.**



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથાઃ** જાનકીજીએ મા પાર્વતીજીના પગ પકડી લીધા અને આશીર્વાદ માગ્યા. સીતાજીના વિનય અને પ્રેમને વશ થઈ મા પાર્વતીજીએ કહ્યું, હે સીતા! અમારી આશિષ સાંભળો. **તમારી મનોકામના પૂર્ણ થશે.** આશીર્વાદ સાંભળી જાનકી સહિત સખીઓ પ્રસન્ન થઈ રાજમહેલમાં પાછાં ફર્યાં.

**હવે આગળઃ**

**सतानंदु तब जनक बोलाए**
**कौसिक मुनि पहिं तुरत पठाए**

બીજા દિવસે જનકજીએ શતાનંદજીને બોલાવ્યા અને તેમને તરત જ વિશ્વમિત્ર મુનિ પાસે મોકલ્યા. તેમણે વિશ્વામિત્રજીને જનકજીની વિનંતી સંભળાવી. **વિશ્વામિત્રજીએ હર્ષિત થઈને બંને ભાઈઓને બોલાવ્યા.**

**राजकुंअर तेहि अवसर आये**
**मनहुं मनोहरता तन छाये**

તે સમયે રાજકુમાર (રામ અને લક્ષ્મણ) ત્યાં આવ્યા. જાણે સાક્ષાત્ મનોહરતા જ તેમનાં શરીર પર છવાઈ રહી હોય! સુંદર શ્યામ અને ગૌર એમનું શરીર છે. તે ગુણોના સમુદ્ર, ચતુર અને ઉત્તમ વીર છે. બંને ભાઈ રાજાઓના સમાજમાં સુશોભિત થઈ રહ્યા છે, **જાણે તારાઓના સમૂહમાં બે પૂર્ણ ચંદ્રમા હોય!**

**बिदुषन्ह प्रभु बिराटमय दीसा**
**बहु मुख कर पग लोचन सीसा**

વિદ્વાનોને પ્રભુ વિરાટરૂપે દેખાયા. જનકજીના કુટુંબીઓ પ્રભુને એવી રીતે જોઈ રહ્યા છે, જે સગાંસંબંધી પ્રિય લાગે છે. જનક સહિત રાણીઓ તેમને પોતાના બાળક સમાન જુએ છે. યોગીઓને શાંત અને પરમ તત્ત્વરૂપે દેખાયા અને **હરિભક્તોને ઈષ્ટદેવ સમાન દેખાયા.**

**कहि तूनीर पीत पट बांधे**
**कर सर धनुष बाण बर कांधे**

કમરમાં ભાથો અને પીતામ્બર બાંધેલા છે, સુંદર ખભાઓ પર ધનુષ્ય તથા યજ્ઞોપવિત સુશોભિત છે. નખથી લઈ શિખા સુધી સર્વે અંગ સુંદર છે. તેમને જોઈને સર્વે લોકો સુખી થયા. નેત્રો એકીટશે અને કીકીઓ પણ ફરતી નથી. **જનકજી બંને ભાઈઓને જોઈને હરખાયા અને તેમણે જઈને મુનિના ચરણકમળ પકડી લીધા.**

**करि बिनती निज कथा सुनाई**
**रंग अवनि सब मुनिरि देखाई**

વિનંતી કરીને પોતાની કથા સંભળાવી. મુનિને આખી રંગભૂમિ (યજ્ઞશાળા) બતાવી. મુનિએ કહ્યું, રંગભૂમિની રચના ઘણી સુંદર છે. **જ્ઞાની મુનિથકી પ્રશંસા સાંભળી રાજા પ્રસન્ન થયા.**

**प्रभुहि देखि सब नृप हियं हारे**
**जनु राकेस उदय भयें तारे**

પ્રભુને જોઈને સર્વ રાજા હૃદયથી એવી રીતે હારી ગયા કે જેમ પૂર્ણ ચંદ્રમાનો ઉદય થવાથી તારા પ્રકાશહીન થઈ જાય છે. બધાના મનમાં વિશ્વાસ થઈ ગયો કે **રામચંદ્રજી જ ધનુષ્યને તોડશે એમાં કોઈ સંશય નથી.** હે ભાઈઓ! પોતપોતાના ઘેર ચાલો.

**बिहसे अपर भूप सुनि बानी**
**जे अबिबेक अंध अबिमानी**

બીજા રાજાઓ જેઓ અવિવેકથી આંધળા અને અભિમાની હતા તેઓ આ વાત સાંભળી હસ્યા અને બોલ્યા, અમે સરળતાથી જાનકીને હાથમાંથી જવા નહીં દઈએ. એક વાર તો સીતાને માટે તેને પણ અમે યુદ્ધમાં જીતી લઈશું. **આ ઘમંડી વાત સાંભળી ધર્માત્મા, હરિભક્તો મલકાયા.**

**વધુ આવતા અંકે (સ્વયંવરની શરતો)** ■



પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# આપણા આત્માની સાક્ષીએ



અત્યારે, આ ક્ષણે તમે શું વિચારો છો? તમારા મનમાં ચાલી રહેલા એ વિચાર, તરંગ કે ખ્યાલને બરાબર પકડી રાખો અને પછી એનું સૂક્ષ્મ અને તટસ્થપણે પૃથક્કરણ કરવા લાગી જાઓ. મનમાં જેનો વિચાર કરીએ છીએ, તે બાબત જ આપણા વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે. **મનમાં ચાલતો એ વિચાર એ વ્યક્તિના ભીતરનું આઈડેન્ટિટી કાર્ડ (યથાર્થ ઓળખપત્ર) બની રહે છે.**

જીવનમાં સૌથી મહત્ત્વની બાબત તમારો 'માઈન્ડ સેટ' છે. તમારી ચિત્તની દિશા એ જ તમારી વિચારસૃષ્ટિની પરિચાયક છે. જો ચિત્તમાં શુભભાવ હશે તો ઊર્ધ્વજીવનના વિચારો આવશે અને જો ચિત્તમાં વાસના કે વિકાર હશે તો એની તૃપ્તિ માટેની ઝંખના અને એની પ્રાપ્તિ માટેની એષણાઓ મનમાં દોડાદોડ કરતી હશે. આનો અર્થ જ એ છે કે વ્યક્તિને જે પામવું હોય તે તરફ એના ચિત્તને રાખવું જોઈએ. **જો એનું ચિત્ત આત્માના વિચારોમાં ડૂબેલું હશે તો એ સાહજિક રીતે આત્મસામિપ્ય અને ઊર્ધ્વતા પામશે.**

માનવી પાસે શરીર, મન અને આત્મા - એમ ત્રણ બાબત છે. એના જીવનમાં સ્વસ્થતાની દૃષ્ટિએ શરીરનું મહત્ત્વ છે. જપ, તપ કે ઉપવાસ કરવા હોય તો એમાં શરીરની ક્ષમતા મહત્ત્વની છે. ધર્મશાસ્ત્રોએ શરીરને ધર્મના મુખ્ય સાધન તરીકે ઓળખાવ્યું છે. માણસ એના જીવનનો ઘણો મોટો ભાગ પોતાના શરીરની ચિંતામાં ગાળે છે. એમાં પણ યુવાનીમાંથી વૃદ્ધત્વ તરફ ગયેલા માણસને રોજેરોજ શરીરની ફરિયાદ રહેતી હોય છે અને એનું ચિત્ત પણ શરીરની ચિંતાથી ઘેરાયેલું રહે છે. બીજું તત્ત્વ છે મન, કે જે નિરંકુશ બનીને સતત દોડતું રહે છે અને માણસનું કાર્ય જ એ છે કે એ મનને અંકુશમાં રાખે અને એ રીતે પોતાના જીવનને યોગ્ય ગતિ આપે. આ મન ક્યારેક હતાશા અનુભવે છે તો ક્યારેક નિરાશામાં ડૂબી જાય

છે. **એ ક્યારેક પ્રસન્ન થઈ જાય તો ક્યારેક એને અકળામણનો પાર નથી રહેતો. આવા સમયે મનને જે ભાવોમાં લીન રાખ્યું હોય તે ભાવોનો અનુભવ થાય છે.**

માનવી શરીરનો વિચાર કરે છે, મનનો વિચાર કરે છે, પરંતુ એનું સૌથી મોટું દુર્ભાગ્ય એ છે કે એ આત્માનો વિચાર કરતો નથી. એ ભાગ્યે જ પોતાના આત્માના ખબરઅંતર પૂછતો હોય છે. ઘણી વ્યક્તિઓ તો એવી હોય છે કે જેઓ શરીરની આસપાસ કે મનમાં એટલી બધી ડૂબેલી હોય છે કે એમને પોતાનામાં આત્મા છે એવો અણસાર પણ હોતો નથી. આવી વ્યક્તિઓ આત્મઓળખ ચૂકી જાય છે અને જીવનની વ્યર્થતામાં રમમાણ રહે છે. એમને લાગે છે કે આજ સુધીનું એમનું જીવન વ્યર્થ ગયું, કારણ કે એમને પોતાના આત્માનો પરિચય જ સાંપડ્યો નહીં. સંત કવિ દેવાનંદ સ્વામી કહે છેઃ

***'નર દેહ ગયે દુઃખ પાયે,***
***પ્રભુ ભજન વિના પછતાયે,***
***શ્વાન સુકર તનુ ધારી કે મૂરખ,***
***વન વન ભટકાવે.'***

(માણસ મૃત્યુ જોઈને દુઃખ અનુભવે છે. આખી જિંદગી ભૌતિક બાબતોમાં પસાર થઈ ગઈ હોય એનો પસ્તાવો પામે છે અને આમેય આવી વ્યક્તિનો એ પછીનો જન્મ વનવનમાં ભટકતા પ્રાણી રૂપે થાય છે.)

આવી પરિસ્થિતિનું કારણ શું? એનું કારણ છે કે આ પ્રકારની વ્યક્તિએ પોતાના મન પર કાબૂ રાખ્યો નહોતો. મનમાં કેવા વિચાર આવે છે એની ચિકિત્સા કરવી જોઈએ. **મનમાં સુવિચાર આવે છે કે કુવિચાર એ જોવું જોઈએ, કારણ કે આપણે સૌથી મોટો દુશ્મન આપણી ભીતરમાં ઊંડે ઊંડે વસતો હોય છે.**

જો માણસ સારા માર્ગે ચાલે તો એનું જીવન આપોઆપ ઉત્કૃષ્ટ બનતું હોય છે અને નઠારા માર્ગે ચાલે તો એનું જીવન નિકૃષ્ટ અને દુઃખમય બનતું હોય છે. માણસની ભીતરમાં જ દેવ અને દાનવ વસતા હોવાથી દેવ એને શુભ માર્ગે અને દાવન એને અવળે કે અશુભ માર્ગે ગતિ કરાવે છે. માણસની ભીતરમાં સાચું બોલનારો અને જૂઠું બોલનારો એમ બંને પ્રકારના માણસો વસે છે. આ જૂઠું બોલનારો માણસ એ ધીરે ધીરે બીજાની છેતરપિંડી કરવાનું શીખવતો હોય છે અને એનું એક જ કામ હોય છે કે મનમાં ખોટા, અહિતકર અને દુષ્ટ વિચારોને જન્મ આપીને ઉછેરવા. **ઘણી વાર દિલમાં વસતા દાનવને માણસ પોતાના જીવનની ચાવી આપી દે છે અને એને પરિણામે એનું જીવન દુષ્ટ, અધમ કે અનાચારી માનવીનું જીવન બની રહે છે.**

સદાચારી બનવું હોય તો પણ દુરાચારને તો ઓળખવો જ પડશે. દેવને જાણવો હશે તો દાનવના રૂપને ઓળખવું પડશે. **સત્યને પામવું હશે તો અસત્યની લીલા સમજવી પડશે. આવું થશે તો જ વ્યક્તિ સચાચારી અને સત્યનિષ્ઠ રહી શકશે.**

> **સદાચારી બનવું હોય તો પણ દુરાચારને તો ઓળખવો જ પડશે, દેવને જાણવો હશે તો દાનવના રૂપને ઓળખવું પડશે, સત્યને પામવું હશે તો અસત્યની લીલા સમજવી પડશે... આવું થશે તો જ વ્યક્તિ સચાચારી અને સત્યનિષ્ઠ રહી શકશે**

વંચના, વાસના, વિષયકષાયમાં રહેનારી વ્યક્તિઓ એક પ્રકારના સ્વપ્નલોકમાં જીવતી હોય છે. એમણે પોતાની આગવી કલ્પનાસૃષ્ટિ સર્જી હોય છે. વિષયપ્રેમી વ્યક્તિ સદૈવ પોતાના વિષયીપાત્ર અંગે મનમાં કામી કલ્પનાઓ ઘડતી હોય છે. લોભી વ્યક્તિ જે કંઈ પ્રાપ્ત કરવાનું હોય, એને વિશે મનમાં તરંગોના ઘોડા પર સવાર થઈને વિચારતો-દોડતો હોય છે. બીજાની **છેતરપિંડી કરનારી વ્યક્તિ એમ જ માને છે કે એની છેતરપિંડીની કોઈને જાણ નહીં થાય અને એ વિચારે જ એ બનાવટ કે છેતરપિંડીના જગતમાં વધારે ને વધારે ઊંડો ખૂંપતો જાય છે.**

મનમાં જો ખરાબ વિચારો પેસી ગયા તો મન કલૂષિત બની જશે. આથી જ વ્યક્તિએ ખૂબ આક્રમક (એગ્રેસિવ) બનીને આ દુષ્ટ વિચારોને રોકવા પડશે. એણે પોતે, પોતાના મનમાં કેવા વિચારોને સ્થાન આપવું છે એ વિશે અહર્નિશ જાગૃત રહેવું પડશે. એ જાણે છે કે જો આ દુષ્ટ કષાયયુક્ત વિચારો ચિત્તમાં પ્રવેશી ગયા તો એ વિચારોને સમગ્ર ચિત્ત પર પ્રભુત્વ મેળવતા વાર નહીં લાગે અને **જો વિચારો સમગ્ર ચિત્ત પર છવાઈ જશે તો એની આખીય માનસસૃષ્ટિ, વિચારધારા, જીવનપદ્ધતિ - એ સઘળામાં એ પ્રકારના વિચારો પ્રબળ બની રહેશે.**

આથી પહેલી ચોકી મનમાં જાગતા વિચારોની રાખવાની છે. મનમાં હિંસા પ્રવેશી એટલે સમય જતાં એ આચરણમાં પ્રવેશ પામશે. મનમાં દ્વેષ જાગ્યો એટલે ધીરે ધીરે એ કાર્યમાં પ્રવર્તશે. મનમાં વાસના ઊઠી તો ક્રમશઃ એ આચરણમાં પ્રતિબિંબિત થશે. જોકે એ હકીકત છે કે આચરણમાં જ પ્રગટ થાય છે. બીજું ઘણું બધું મનમાં પડ્યું હોય છે. આનો અર્થ જ એ કે આચારણ તો અયોગ્ય જ છે જ, પરંતુ એથીય વધારે અયોગ્ય અને ત્યાજ્ય તો આ વિચાર છે. એમ વિચારવું જોઈએ કે **એ વિચારને, એ ભાવને મારે મારા ચિત્તમાંથી ડામી દેવો જોઈએ, કારણ કે એ જ અંતે જીવનમાં દુઃખદાયી બનતો જાય છે.**

આપણા જીવનમાં આવતાં દુઃખો પ્રત્યે આપણે પારાવાર વંચના કરીએ છીએ. આપણા આત્માની સાક્ષીએ એ દુઃખોને તપાસવાને બદલે એને જુદાં જુદાં બહાનાં અને કારણોના વાઘા પહેરાવીએ છીએ. દુઃખ આવી પડતાં તરત જ પહેલી વાત એ સાંભળવા મળશે કે આ તો મારાં કર્મોનું ફળ છે. હકીકતમાં આને કર્મોનું ફળ માનનાર પુરુષાર્થના મહત્ત્વની ઉપેક્ષા કરે છે. **શ્રી યોગવશિષ્ટ મહારામાયણમાં પુરુષાર્થ વિશે કહ્યું છેઃ જે પુરુષનો પુરુષાર્થ પ્રબળ હોય છે તે જ સર્વદા જીતે છે.**

કેટલાક પોતાના પર આવેલા દુઃખને કળિયુગ કે પંચકમળને દોષિત ઠેરવે છે. હકીકતમાં કોઈ યુગ ખરાબ હોતો નથી. માત્ર વ્યક્તિનાં ખોટાં કાર્યોને કારણે આપત્તિ આવતી હોય છે. આ રીતે **જો સાધકે પોતાનો 'માઈન્ડ સેટ' બરાબર રાખ્યો હોય તો સાધનામાં એની આપોઆપ ગતિ થશે અને વિશેષ તો એનો આત્મા સાધનામય બની રહેશે.** ■

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિધ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઈપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઈસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઈ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ

શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ

શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)

શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)


તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**



**મહેશ પટેલ**
લેખક શૈક્ષણિક પ્રવચન, ચર્ચા અને સ્પર્ધાના આયોજક છે.

# શિક્ષણનો ઉદ્દેશ: માણસના ચારિત્ર્યમાં પરિવર્તન



પહેલો સવાલ તો એ છે કે 'આપણે ચારિત્ર્યનો શો અર્થ કરીએ છીએ?' જો કોઈ વાત કરે કે, 'આ સ્ત્રીનું ચારિત્ર્ય ખરાબ છે.' તો આ સાંભળીને આપણા મનમાં તેના વિશે પહેલો વિચાર શું આવે? શું આપણને વિચાર આવ્યો કે આ સ્ત્રી બધે સમયસર નહીં પહોંચતી હોય? શું આપણને થયું કે આ સ્ત્રી બીજાના વિચારોને સમજતી નહીં હોય? **શું આપણને એવું લાગ્યું કે આ સ્ત્રી તેને મદદ કરનાર પ્રત્યે આભારભાવ નહીં રાખતી હોય?**

> **માણસનું ચારિત્ર્ય તેના તમામ સારા-ખરાબ ગુણોનો સરવાળો છે, પણ કયા ગુણો સારા અને કયા ખરાબ? સારા-ખરાબની વ્યાખ્યા સમાજે-સમાજે અલગ હોય છે. સમયની સાથે જો શિક્ષણ વધે તો જ, સારા-ખરાબના અર્થો બદલાતા જાય છે.**

નહીં... આપણને પહેલો જ અને કદાચ છેલ્લો પણ એક જ વિચાર આવે છે કે આ સ્ત્રીને તેના પતિ સિવાય અથવા લગ્ન કર્યા સિવાય કોઈની સાથે શારીરિક સંબંધ હશે. **આપણે માણસના ચારિત્ર્યને સેક્સ સાથે જોડી દીધું છે અને બધું ધ્યાન તેના ઉપર જ કેન્દ્રિત કરી દીધું, શા માટે?**

શું ચારિત્ર્યવાન કહેવડાવવા માટે આપણે ત્યાં લગ્ન પહેલાં બ્રહ્મચર્ય અને લગ્ન પછી પતિ કે પત્નીને સેક્સની બાબતમાં વફાદાર હોવું પૂરતું નથી? આ ગુણ માણસમાં હોય એટલે તે ચારિત્ર્યવાન કહેવડાવવાની પરીક્ષામાં પાસ થઈ જાય છે. પણ **જો આ પ્રશ્નમાં નાપાસ થયો તો તેના બાકીના બધા જ ગુણ તેને પાસ કરાવી શકતા નથી. આવું શા માટે?**

બાકીના પ્રશ્નોમાં બીજો પ્રશ્ન છે, 'શું વડીલોની આજ્ઞાનું પાલન કરે છે?' બીજા અર્થમાં સમાજના આગેવાનો દ્વારા નક્કી કરેલ રીતરિવાજોનું પાલન કરે છે? બીજા પ્રશ્નમાં પણ પાસ એટલે એ-ગ્રેડથી પાસ. **આમાં આજ્ઞા કરનાર કે આજ્ઞાની ગુણવત્તા જોવાની જરૂર પણ પડતી નથી. આવું શા માટે?**

ત્રીજો ગુણ છે: પ્રામાણિકતા. પણ આ પ્રશ્ન પરીક્ષા લેનાર વ્યક્તિગત રીતે પૂછે છે. 'શું મારી સાથે તેણે છેતરપિંડી કરી છે?' ત્રીજામાં પણ પાસ એટલે એ-પ્લસ ગ્રેડથી પાસ. ભલે પછી તેણે બીજા સાથે ગમે તેવી અપ્રામાણિકતાથી બતાવી હોય. આ બાબતે આપણે ઘણા સ્વકેન્દ્રી છીએ. કોઈ માણસ મારું ખરાબ ન કરે ત્યાં સુધી હું તેને સારો માણસ ગણીશ અને તે સરકાર સાથે તો ભલે ને ગમે તેટલાં ખોટાં કામ કરે. ઘણી વાર સાંભળવા મળે છે. **'આ વખતે સાહેબ (કોઈ સરકારી અધિકારી) સારા આવ્યા છે. બસ પાંચસો રૂપિયા આપીએ એટલે બહુ માથાકૂટ કર્યા વગર સહી કરી દે છે.' આવું ના કરે એ સાહેબ ખરાબ.**

મને લાભ કરી આપતો હોય તો અપ્રામાણિક માણસ પણ સારો અને **જો મને નુકસાન થતું હોય તો પ્રામાણિક માણસ પણ ખરાબ. આવું શા માટે?**

માણસનું ચારિત્ર્ય તેના તમામ સારા, ખરાબ ગુણોનો સરવાળો છે, પણ કયા ગુણો સારા અને કયા ખરાબ? સારા-ખરાબની વ્યાખ્યા સમાજે-સમાજે અલગ હોય છે. સમયની સાથે જો શિક્ષણ વધે તો જ, સારા-ખરાબના અર્થો બદલાતા જાય છે. **શિક્ષિત સમાજમાં અને અશિક્ષિત સમાજમાં સારા-ખરાબ ચારિત્ર્યના માપદંડો અલગ હોય છે.**

શિક્ષિત સમાજમાં ચારિત્ર્યનો મુખ્ય માપદંડ પ્રામાણિકતા છે. એ પણ માત્ર મારા પ્રત્યે જ એવું નહીં, બધા પ્રત્યે – સમાજ પ્રત્યે, સરકાર પ્રત્યે, પોતાના વ્યવસાય કે કામ પ્રત્યે પણ. જે માણસ પોતાનું કામ, સમાજે તેને સોંપેલી જવાબદારી પૂરી નિષ્ઠાથી પૂરી કરે તેને જ ચારિત્ર્યવાન ગણવામાં આવે છે. જે માણસને કામમાં રસ નથી, માત્ર વળતરમાં જ રસ છે, કામ કર્યા વગર પૈસા મેળવવા કે પૈસા મળ્યા પછી કામમાં વેઠ ઉતારવી છે તે માણસ ચારિત્ર્યની દૃષ્ટિએ અત્યંત નિમ્ન ગણાય. ■

અનુ. કિશોરલાલ મશરૂવાળા
મૂળ લેખક : ખલિલ જિબ્રાન



# બાળકો

અને તે પછી છાતીએ બાળક વળગાડીને ઊભેલી એક યુવતી બોલી, અમને બાળકો વિશે કંઈ કહો.

તે બોલ્યાઃ

તમારાં બાળકો તે તમારાં બાળકો નથી, પણ જગજ્જીવનની પોતા માટેની જ કામનાનાં તે સંતાનો છે. તે તમારી દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતાં નથી અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.

તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહીં,

કારણ તેમને એમની પોતાની કલ્પનાઓ છે. તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહીં.

કારણ તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે, જેની તમે કદી સ્વપ્નમાંય ઝાંખી કરી શકવાના નથી.

તમે તેમના જેવા થવા ભલે પ્રયત્ન કરજો, પણ તેમને તમારા જેવા કરવા ફાંફા મારશો નહીં.

કારણ, જીવન ગયેલે માર્ગે પાછું જતું નથી અને ભૂતકાળ જોડે રોકાઈ રહેતું નથી.

તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહીં.

બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છો.

અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી ધનુર્ધર તમને નમાવે છે - જેથી એનાં બાણો ઝડપથી અને દૂર જાય.

એ ધનુર્ધરના હાથમાં તમારું નમવું આનંદમય હો,

કારણ, જેમ ઊડીને જનારું બાણ એને પ્રિય છે, તેમ સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે. ■



સુરેશ દલાલ
લેખક જાણીતા સાહિત્યકાર અને કોલમિસ્ટ છે

# પરમ પિતા પરમેશ્વરને...

તમે વૃક્ષનો છાંયો છો નદીનું જળ છો,
ઊઘડતા આકાશનો ઉજાસ છો
તમે પિતા છો.
તમે થાક્યાનો વિસામો છો, રઝળપાટનો આનંદ છો
તમે પ્રવાસ છો, સહવાસ છો.
તમે પિતા છો.
તમે એકની એક વાત છો, દિવસ ને રાત છો
કાયમી  સંગાથ છો.
તમે પિતા છો.
હું થાકું ત્યારે તમારી પાસે આવું છું
હું છલકાઉં ત્યારે તમને ગાઉં છું

હું તમને ચાહું છું,
તમે પિતા છો.
તમે બુદ્ધનું સ્મિત છો, તમે મીરાંનું ગીત છો
તમે પુરાતન તોયે નૂતન અને નિત છો
તમે પરમ પિતા છો.
તમે વિરહમાં પત્ર છો, મિલનમાં છત્ર છો
તમે અહીં અને સર્વત્ર છો.
તમે પરમ પિતા છો.
તમે સ્થળમાં છો, પળમાં છો,
તમે સકળમાં છો અને તમે અકળ છો.
તમે પરમ પિતા છો. ■





**ડો. રોબર્ટ વોલ્ડિંગર**
લેખક એમડી અને હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં મનોવિજ્ઞાનના પ્રોફેસર છે

# ખુશી માટે ત્રણ વસ્તુઓ સૌથી મૂલ્યવાન છે: પરિવાર, મિત્રો અને તંદુરસ્તી

**આપણે એ દિવસ માટે ક્યારેય આભાર માનતા નથી, જ્યારે બીમાર કે તકલીફમાં હોતા નથી. એ રાત્રીનો આભાર માનતા નથી, જ્યારે વરસાદમાં માથે છત હોય છે**

ક્યારેય વિચાર્યું છે કે કોઈની ભરપૂર પ્રશંસા માત્ર એક ટીકા કરવાથી કેમ નકામી બની જાય છે? સારી એવી સુંદર લાંબી રજાઓનો આનંદ અંતિમ દિવસે થયેલા કોઈ નાનકડા ઝઘડાને લીધે સમાપ્ત થઈ જાય છે? ભોજનની ઉપર ફરતી માખી કેમ સારામાં સારા ભોજનનો આનંદ છીનવી લે છે? તેનું કારણ એ છે કે આપણું મગજ નકારાત્મક વસ્તુઓને ઝડપથી નોટિસ કરે છે. તેનું સમાધાન છે કૃતજ્ઞતા. દરરોજ કોઈ ત્રણ વસ્તુઓ લખો, જેના માટે આભારી છો. તેનાથી તમારું જીવન સકારાત્મક વસ્તુઓ પર ફોકસ કરવા લાગશે. તેમ છતાં એમ લાગે કે જીવનમાં કશું સકારાત્મક નથી તો 'કાઉન્ટર ફેક્ચ્યુઅલ થિન્કિંગ' અપનાવો. તેના માટે 'જો આ ન હોય તો' ફોર્મ્યુલાની મદદ લો. તેમાં તમારે ખુદને પૂછવાનું છે કે જો સૌથી સારો મિત્ર તમારી પાસે ન હોત તો? જો ખાવા માટે કંઈ ન મળતું હોત તો? તમને લાગશે કે તમારી પાસે આભાર વ્યક્ત કરવા માટે કેટલી બધી વસ્તુઓ છે. **આપણે એ દિવસ માટે ક્યારેય આભાર માનતા નથી, જ્યારે બીમાર કે તકલીફમાં હોતા નથી. એ રાત્રીનો આભાર માનતા નથી, જ્યારે વરસાદમાં માથે છત હોય છે.**

યેલ યુનિવર્સિટીમાં સાયન્સ ઑફ હેપીનેસ ભણાવતાં **લોરી સેન્ટોસ** કહે છે, બાળકોને ખુશીના પાઠ ભણાવતા ભણાવતા ક્યારે હું બર્નઆઉટ (ઓછા તણાવનો ભોગ) બની ગઈ એ ખબર જ ના પડી. ઉદાસી, ચીડિયાપણું અને થાક જેવાં લક્ષણ દેખાવા લાગ્યાં. મેં બ્રેક લીધો અને પતિ સાથે કેમ્બ્રિજ શિફ્ટ થઈ ગઈ. જો તમે વિચારતા હો કે હેપીનેસની પ્રોફેસર હોવા છતાં હું કેવી રીતે બર્નઆઉટ થઈ, તો જણાવું કે **તમે શું કરો છો? તેની સાથે આ વાતને કોઈ લેવા-દેવા નથી. કોઈ પણ બર્નઆઉટ થઈ શકે છે.**

મેકેન્જી હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ સર્વે-૨૦૨૨ અનુસાર, અમેરિકામાં લગભગ ૩૦ ટકા કર્મચારી બર્નઆઉટ છે. આપણું મગજ પણ આપણને ભ્રમિત કરે છે. એવી વસ્તુઓ માટે ઉશ્કેરે છે, જેનાથી થોડો સમય માટે તો ખુશી મળી શકે છે, પરંતુ તે ટકાઉ હોતી નથી. લોકોને લાગે છે કે પૈસા, સ્ટેટસ અને સારા ગ્રેડ્સથી ખુશી મળી જશે, પરંતુ સાયન્સ કહે છે કે ઊંઘ, કસરત, સારી ખાણીપીણી ખુશી આપી શકે છે. તમારી ખુશીઓ છીનવી લેતી દરેક વસ્તુ પર તમારું નિયંત્રણ નથી, પરંતુ ખુદને ખુશ રાખવું તમારા હાથમાં હોઈ શકે છે. તમારી એક આગવી ઓળખ બનાવો. નિયમિત રીતે ચાલવા જાઓ અને મનપસંદ લોકો સાથે સમય પસાર કરો. **ખોટા મિત્રો જેમ કે, સોશિયલ મીડિયા અને જરૂર કરતાં વધુ ખરીદીથી બચો.**

એડી જાકૂ નામના જર્મન વ્યક્તિએ ૧૦૦ વર્ષની વયે લખેલું પુસ્તક 'ધ હેપ્પીએસ્ટ મેન ઓન અર્થ'માં જણાવ્યું છે કે તમે ખુશ રહેશો કે નહીં તે પરિસ્થિતિ નક્કી નથી કરતી. તમારી ખુશી માત્ર તમારા ઉપર આધાર રાખે છે.

- જિંદગી સૌથી કપરા સમયમાં હોય ત્યારે ચમત્કાર થાય છે.
- તમારી નબળાઈઓને જીતી લો, કેમ કે નબળાઈઓ જ નફરત શીખવાડે છે. નાખુશી વધારે છે.
- દોસ્તી આત્માની સૌથી સારી ઔષધિ છે. તેનો સાથ જીવનમાં ક્યારેય ન છોડો.
- જો તમે નૈતિકતા ગુમાવી દો છો તો પછી કંઈ બચતું નથી. તમે ખુદને જ ગુમાવી બેસો છો.
- ખુશાલી વહેંચો, જેટલું શક્ય હોય તેટલું જરૂરિયાતમંદોની મદદ કરો. આપવાથી મોટું કોઈ સુખ નથી. ■





**ડો. અશોક પટેલ**
લેખક વિદ્વાન પ્રોફેસર, કેળવણીકાર અને કોલમિસ્ટ છે

# શિક્ષણમાં પહેલાં ખાનગીકરણ, પછી વેપારીકરણ અને અત્યારે બજારીકરણ

ભારત આઝાદ થયું પછી પ્રાથમિક શિક્ષણને ફરજિયાત અને મફત કરવામાં આવ્યું. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું. સરકારે સમાજનો સહયોગ લીધો. અનેક સામાજિક મંડળો શિક્ષણરૂપી સેવા કરવા માટે સહયોગ આપવા બહાર આવ્યાં. ગ્રામ્ય કક્ષાએ સેવાભાવી મંડળોનો સહયોગ ખૂબ જ સારો સાંપડ્યો. **જેમાંનાં કેટલાંક મંડળો આજે પણ સેવાની ભાવના સાથે ફરજ બજાવી રહ્યાં છે.**



શિક્ષણમાં બિનસરકારી સંસ્થાઓ કે મંડળો આવ્યાં. તેને શિક્ષણનું ખાનગીકરણ કહીએ છીએ. આ મંડળો પોતાના પૈસે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા લાગ્યાં. સેવાભાવી મંડળો સરકારના નિયમોને આધીન રહીને ઉમદા હેતુ સાથે કાર્ય કરતાં હતાં. આવી સંસ્થાઓ પૈસા પાછળ પાગલ નહોતી. પોતાના પૈસા કે સમાજમાંથી ભંડોળ એકત્ર કરીને શિક્ષણમાં વાપરતી હતી. **તેમનો ઉદ્દેશ શિક્ષણરૂપી સેવા કરવાનો હતો, પૈસા કમાવાનો નહોતો. સરકાર પણ આવી સંસ્થાઓને માનની નજરે જોતી.**

આઝાદી પછી આવું લગભગ ૨૫-૩૦ વર્ષ ચાલ્યું. ત્યાર બાદ શિક્ષણમાં ખાનગી સંસ્થાઓને વધારો થયો. નવી આવતી મોટા ભાગની સંસ્થાઓ સેવા માટે નહીં પણ પૈસા કમાવા માટે આવતી. વેપારમાં પૈસા અને નફાને જ પ્રાધાન્ય હોય છે, તેમ આ સંસ્થાઓ પણ શિક્ષણને હથિયાર બનાવીને પૈસા અને નફાને જ પ્રાધાન્ય આપવા લાગી. આ સંસ્થાઓ સરકારના નિયમોને એક બાજુ મૂકીને મન ફાવે તેમ પૈસા કમાવા લાગી. સરકારે અંકુશ મૂકવાનો પ્રયત્ન કર્યો, પણ સરકાર તેઓને રોકી ના શકી. **શિક્ષણમાં વેપારીકરણ શરૂ થઈ ગયું. જુદી જુદી યુક્તિ-પ્રયુક્તિ દ્વારા આ સંસ્થાઓ વિદ્યાર્થી, વાલી, સમાજ અને સરકારને છેતરવા લાગી.** વાલીઓના નાના-મોટા વિરોધ થયા, પણ જ્યાં સરકાર કશું ના કરી શકી ત્યાં વાલીઓ પણ બિચારા બની ગયા. ઊંચી ફી, ઓછી સગવડ, શિક્ષકોનો ઓછા પગાર, ભરતીમાં ભ્રષ્ટાચાર, સરકારી ગ્રાન્ટમાં ઘાલમેલને પ્રાધાન્ય આપ્યું. શિક્ષણ તો બાજુમાં જ રહી ગયું. **સંચાલકો માલેતુજાર બનવા લાગ્યા. નવી સંસ્થાઓ પૈસા કમાવા માટે હાટડીની જેમ ખૂલવા લાગી. શિક્ષણમાં વેપાર સાર્વત્રિક બની ગયો.**

> **બજારમાં ઓનલાઇન વસ્તુ મળે છે તેમ શિક્ષણ પણ ઓનલાઇન શરૂ થઈ ગયું. બજારની વસ્તુ ઘેર બેઠા મળે છે તેમ શિક્ષણની ડિગ્રી પણ ઘેર બેઠા મળે છે**

શિક્ષણનું વેપારીકરણ થયા પછી ધંધાદારી લોકોને અને સાહસોને પણ શિક્ષણમાં ધંધો દેખાવા લાગ્યો. શિક્ષણને ધંધો કે બજાર સમજીને શાળા-કૉલેજ ખોલવા લાગ્યા. અહીં શિક્ષણનું બજારીકરણ શરૂ થયું. શિક્ષણરૂપી બજારમાં કાળાં નાણાંનું રોકાણ થવા લાગ્યું. ડોનેશનનો પ્રવેશ થયો. **બજારમાં જેમ ચડાવ-ઉતાર થાય તેમ શિક્ષણમાં પણ કેટલાક પ્રવાહો-અભ્યાસક્રમોમાં ચડાવ-ઉતાર થવા લાગ્યા.** શૈક્ષણિક સંસ્થાઓ ક્યાં ખોલવી તે પણ બજારની જેમ નક્કી થવા લાગ્યું. બજારમાં જેમ ખોટી-ગાંડી હરીફાઈ હોય તેમ શિક્ષણમાં પણ ગાંડી હરીફાઈ શરૂ થઈ. બજારમાં જો કોઈ દુકાન કે ધંધો બરાબર ના ચાલે એટલે કે ગ્રાહકો પૂરતા ના આવે તો ધંધો બદલી નાખવામાં આવે કે દુકાનની અંદરની વસ્તુઓ બદલી નાખવામાં આવે તેમ શિક્ષણમાં પણ શાળા-કૉલેજો યોગ્ય કમાણી ના કરી આપે તો અભ્યાસક્રમ બદલી નાખવામાં આવે કે મીડિયમ બદલી નાખવામાં આવે. **બજારમાં જેની માગ હોય તો મુજબ ધંધો કરવામાં આવે તેમ શિક્ષણમાં પણ થવા લાગ્યું.**

આધુનિક બજારો શોપિંગ મોલ કે કોમ્પ્લેક્સમાં ચાલે છે. વેપારી ગ્રાહકને આકર્ષવા માટે વિવિધ યુક્તિ-પ્રયુક્તિ કરે છે તેમ શૈક્ષણિક સંસ્થાઓ પણ વિદ્યાર્થીને આકર્ષવા માટે વિવિધ યુક્તિ-પ્રયુક્તિ કરવા લાગી. વિદ્યાર્થી ગ્રાહક બની ગયો અને સંચાલકો વેપારી બની ગયા. બજારમાં ઓનલાઈન વસ્તુ મળે છે તેમ શિક્ષણ પણ ઓનલાઈન શરૂ થઈ ગયું. બજારની વસ્તુ ઘેર બેઠા મળે છે તેમ શિક્ષણની ડિગ્રી પણ ઘેર બેઠા મળે છે. બજારમાં શેઠના નોકરો હોય અને શેઠ કહે તેમ કરવું પડે, તેમ શાળા-કૉલેજમાં શેઠરૂપી સંચાલકો શિક્ષકો પાસે નોકરની જેમ કામ કરાવે છે. ટૂંકમાં, અત્યારે શિક્ષણનું બજારીકરણ થઈ ગયું છે તે સર્વ જાણે છે અને સ્વીકારે પણ છે. **એમાં સરકાર પણ આવી ગઈ. શિક્ષણમાં પહેલાં ખાનગીકરણ, પછી વેપારીકરણ અને અત્યારે બજારીકરણ થયું છે. હવે કેળવણીકરણ થાય તેવી અપેક્ષા.** ■

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle
S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in

નારી સૃષ્ટિ



**એષા દાદાવાળા**
લેખક જાણીતા કોલમિસ્ટ અને કવયિત્રી છે

# બેટા, લગ્નમાં સમાધાન કરતાં સમજણ વધારે મહત્ત્વની છે!



**મારી દીકરી પાનેતર પહેરીને આ ઘરથી વિદાય લેશે પછી ખબર નથી કે હું અને પપ્પા કેવી રીતે તારા વિનાના અમારા અવકાશને ભરીશું. કંકુભીના હાથે ઘરની દીવાલો પર તું થાપા મારશે ત્યારે એમાંથી થોડો લાલ રંગ અમારી આંખોમાં પણ ઢોળાશે. હવે અમારી દીકરી ઘરે આવશે ત્યારે એના પર્સમાં રિટર્ન  ટિકિટ હશે**

પરણીને વિદાય થઈરહેલી દીકરીના કાનમાં જે કંઈ પણ કહેવાનું બાકી રહી ગયું હોય એ આ પત્રમાં લખ્યું છે. **આ પત્ર દરેક દીકરીનો પત્ર છે. આ પત્ર દરેક માનો પત્ર છે.**

પ્રિય દીકરા,

તને ખબર છે કે તું આ જગતની શ્રેષ્ઠ દીકરી છો... લેબર રૂમમાં ડૉક્ટરે સહેજ વાંકા વળીને જે કહેલું એ શબ્દો હજુ સુધી મારા કાનમાં સચવાયેલા છે. આજે એ જ શબ્દો મારે તારા સાસુના કાનમાં કહેવા છે, ‘મુબારક હો... દીકરી આવી છે...’ કારણ કે મેં રોપેલી... ઉછેરેલી... મેં લીલીછમ રાખેલી એક વેલ આજે એમના આંગણે રોપાઈ રહી છે. આ વેલને કેટલું પાણી જોઈએ છે, કેટલો તડકો જોઈએ છે, ક્યારે નિંદામણ કરવાનું છે... આ બધું એ જાણતા નથી, **ધીમે ધીમે જાણી જાય ત્યાં સુધી વેલે આંગણું લીલુંછમ રહે એનું ધ્યાન રાખી પોતાની જાતે પોતાની કાળજી રાખવાની છે.**

બેટા, હું આ ઘરમાં પરણીને આવેલી ત્યારે મારા મનમાં પણ અનેક મૂંઝવણો હતી. એ વખતે તારી નાનીએ મને કહેલું કે, ‘જે ઘરમાં તારે સેટ થવાનું છે એ જ ઘરમાં રહેતી દરેક વ્યક્તિએ પણ તારી સાથે સેટ થવાનું છે. એમણે પણ એમનું ઘર તારી સાથે સેટ કરવાનું છે. એમણે પણ એમની લાગણીઓને તારી સાથે વહેંચવાની છે અને એટલા માટે જ તારી સાથે અનુકૂળ થવાની જેટલી જવાબદારી એ લોકોની છે એટલી જ તારી પણ છે.’ **તારા નાનીએ કહેલી આ જ વાત મારે તને પણ કહેવી છે.**

બેટા, આપણા ઘરે બે-ચાર દિવસ માટે કોઈ રહેવા આવે અને પોતાની સ્ટાઈલથી આપણા રસોડામાં કામ કરે, તારા બેડરૂમમાં તારું ડ્રેસિંગ ટેબલ વાપરે, તારા કબાટને ખોલે અને બંધ કરે ત્યારે ઘણી વાર તું અકળાઈ જતી હોય છે. આપણા ચાર જણાના સ્લોટ વચ્ચે કોઈ પાંચમી વ્યક્તિને સ્વીકારવી અઘરી થઈ જાય છે... તો બેટા, પરણીને તું જે ઘરમાં જઈ રહી છે એ ઘરમાં વર્ષોથી ચાર જ જણ રહે છે. હવે પરિવારના પાંચમા સભ્ય તરીકે તું ઉમેરાશે. **એમણે પણ તારી સાથે એડજસ્ટમેન્ટ કરવાનું થશે અને એટલે જ તારી સાથે સેટ થવાનો સમય તારે એમને આપવો જ પડશે.**

તું તો જાણે જ છે કે મને કેટલા બધા અણગમા છે. પાણી ભરેલી બોટલને કોઈ લૂછ્યા વિના ફ્રીઝમાં મૂકે એ મને નથી ગમતું. રાતનાં વાસણ રાત્રે જ કરી નાખવાની મને આદત છે. **ડાઈનિંગ ટેબલ પર ભીનું કપડું ફેરવ્યા બાદ સૂકું કપડું ફેરવવું જ એવો મેં નિયમ બનાવ્યો છે.**

આપણી વચ્ચે આ બાબતોએ અસંખ્ય વાર દલીલો થઈ છે. ઘણી વાર ઝઘડ્યા પણ છીએ. બચ્ચા, મારા જેવા અણગમા તારી સાસુને પણ હશે. વર્ષોથી એ ઘરને એમણે સાચવ્યું છે. એમણે જાળવ્યું છે. **મારા અણગમા સાથે જે રીતે ડીલ કરે છે એવી જ રીતે એમના અણગમાઓ સાથે પણ ડીલ કરજે.**

મારી દીકરી પાનેતર પહેરીને આ ઘરથી વિદાય લેશે પછી ખબર નથી કે હું અને પપ્પા કેવી રીતે તારા વિનાના અમારા અવકાશને ભરીશું. કંકુભીના હાથે ઘરની દીવાલો પર તું થાપા મારશે ત્યારે એમાંથી થોડો લાલ રંગ અમારી આંખોમાં પણ ઢોળાશે. હવે અમારી દીકરી ઘરે આવશે ત્યારે એના પર્સમાં રિટર્ન ટિકિટ હશે. એના હાથની ચાનો સ્વાદ બદલાઈ ગયો હશે. અમે એને રોકાવાનો આગ્રહ કરીશું અને એ અમારી વાત નહીં માને. બેટા, ત્યારે સૌથી વધારે આનંદ અમને થશે. **અમારા આગ્રહનો તેં કરેલો અનાદર તારા સુખી હોવાની પ્રતીતિ કરાવતો રહેશે.**

જીવનની આ નવી શરૂઆત માટે તને **મમ્મી અને ડેડી બંને તરફથી ઘણા બધા આશીર્વાદ. લવ યુ સો મચ.**

તારી મમ્મા... ■

**ઉમિયા નવશક્તિધામ – રીચમોન્ડ, કંટકી ખાતે નવનિર્મિત મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ‘ઉમા સૃષ્ટિ’નો સ્પેશિયલ અંક પ્રકાશિત કરાયેલ. આ અદ્‌ભુત અને નયનરમ્ય સામયિકના અમેરિકન પાટીદારોનાં પ્રતિભાવો.**




તંત્રીશ્રી ડૉ. પ્રભુદાસ પટેલ... આપના માટે લાગણી વ્યક્ત કરવા અમારી પાસે શબ્દો નથી. મે-૨૦૨૩નો ‘ઉમા સૃષ્ટિ’નો સ્પેશિયલ અંક પ્રકાશિત કરી અમો અમેરિકા સ્થિત તમામ પાટીદારોને આપે બહુમાન આપ્યું છે. અમને મોટા કર્યા છે. અમારા દ્વારા નવનિર્મિત અને નિર્માણાધીન મંદિરો હવે તેજ ગતિએ પૂર્ણ થશે. **વિશ્વ ઉમિયાધામની ટીમ અમારા સૌના માટે પ્રેરણાસ્રોત બની રહેશે. સમગ્ર ટીમને અભિનંદન સાથે વંદન.**

**વી. પી. પટેલ - ચેરમેન, ઉમિયા મંદિર, ન્યૂજર્સી**




અમેરિકા માટેના ‘ઉમા સૃષ્ટિ’ના સ્પેશિયલ અંકમાં સૌ પ્રથમ લાંબો પણ અર્થપૂર્ણ સંદેશ સૂચક લાગ્યો. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પાટીદારોમાં શ્રદ્ધા અને આસ્થાનાં મૂલ્યોની પરંપરા ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રમુખશ્રી આર. પી. પટેલનું વિઝન સમય કરતાં આગળ ચાલે છે. ઉમિયાધામ વિશ્વનું ધાર્મિક ટૂરિઝમ હબ બનશે **તેવો દૃઢ નિર્ધાર તેમની પ્રતિબદ્ધતા સૂચવે છે. તેમની સંકલ્પબદ્ધતાને પ્રણામ.**

**જે. પી. પટેલ - ચેરમેન, ઉમિયા મંદિર, શિકાગો**



આ સ્પેશિયલ અંકની મધ્યમાં ગુજરાતનાં લાડલાં દીકરી, પૂર્વ મુખ્યમંત્રી - ગુજરાત અને હાલના મહામહિમ ગવર્નર (યુ. પી.) આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલનો ઈન્ટરવ્યૂ આકર્ષક - ઉત્કૃષ્ઠ અને સમગ્ર સામયિકની શોભારૂપ સાબિત થયો છે. **અમેરિકામાં વસતા તમામ પાટીદારોને પૂ. બહેન માટે અહોભાવ અને સન્માન છે. આ વાત તંત્રીશ્રી ડૉ. પ્રભુદાસ પટેલે પુરવાર કરી છે.**

**રસિકભાઈ પટેલ - કો-ઓર્ડિનેટર, યુએસએ**



કંટકી - રીચમોન્ડ પ્રાણ પ્રતિષ્ઠા વખતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પ્રકાશિત કરેલ સ્પેશિયલ અંકનું કવર પેજ નવશક્તિ ઉમિયાધામને સાર્થક કરે છે. અતિશય રમ્ય અને ભવ્ય લાગતું કવર પેજ મા ઉમિયા સહિત બીજી અષ્ટ શક્તિઓ ફોટા અને ગામના નામ સહિત દર્શન કરાવે છે. બધા જ લગભગ કડવા પાટીદાર **બેંતાળીસ સમાજના સર્વજનો આ સ્પેશિયલ અંકને વધાવે છે અને હૃદયથી એક સલામ કરે છે.**

**ચેતન પટેલ - ઉમિયા નવશક્તિધામ, કંટકી**



‘ઉમા સૃષ્ટિ’ મા ઉમિયા સાથે વાતચીત કરવાનો અવસર પૂરો પાડે છે. શું તમે આ સામયિકનું લવાજમ ભર્યું નથી? આજે જ સંપર્ક કરો - વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદનો. જ્યારે જ્યારે પૃથ્વી પર આસુરી તત્ત્વો માઝા મૂકે છે ત્યારે ધર્મ અને નૈતિક મૂલ્યોની સ્થાપના માટે ભગવાન અવતાર ધારણ કરે છે. બસ **તેવી જ રીતે આ કળિયુગમાં મૂલ્યનિષ્ઠ સમાજની સ્થાપના માટે વિશ્વ ઉમિયાધામ અને ‘ઉમા સૃષ્ટિ’નો જન્મ થયો છે.**

**ભગુભાઈ પટેલ - મેરિલેન્ડ**



અમેરિકા માટે મે-૨૦૨૩નો રીચમોન્ડ - કંટકી ખાતેના ઉમિયા નવશક્તિધામના માધ્યમથી સ્પેશિયલ અંક જોઈ - વાંચી - વિચારી મન-તનની શાંતિનો અનુભવ કરાવે છે. જાણે આપણી મા ખુદ આપણી સામે આવી, આપણા ખબર-અંતર પૂછતી હોય તેવો ભાવ અનુભવાય છે. રીચમોન્ડ - કંટકી સાથે **અમેરિકાના હયાત તમામ મંદિર અને તેના આયોજકોના ફોટો સાથે સુંદર પ્રદર્શન થયું છે.**

**નરેશભાઈ પટેલ - કો-ચેરમેન, યૂથ, યુએસએ**



મે-૨૦૨૩નો ઉમિયા નવશક્તિધામ પ્રસંગે પ્રકાશિત કરેલો ‘ઉમા સૃષ્ટિ’નો સ્પેશિયલ અંક ગુજરાતના ગૌરવ અને સન્માન સમા નયા કાશ્મીરના નિર્માતા - ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી આદરણીય શ્રી અમિતભાઈ શાહ સાહેબને અર્પણ કરી પાટીદારોનું - **ગુજરાતનું અને ખાસ કરીને આ સ્પેશિયલ અંકનું ગૌરવ વધાર્યું છે. ધન્યવાદ... સલામ!**

**દિનેશભાઈ (ડેની) પટેલ - યૂથ ચેરમેન, યુએસએ**



વાત જ્યારે વાચક, સમાજ અને સામયિકની હોય ત્યારે તંત્રીના નીડર રિપોર્ટિંગનું મહત્ત્વ અનેક ગણું વધી જાય છે. એક સજાગ અને જાગૃત સામયિક માત્ર લેખોજ નિરૂપણ કરતું નથી, પણ મા ઉમિયા પ્રત્યે શ્રદ્ધા-આસ્થા અને વિશ્વાસ સાથે બહુજન હિતાય - બહુજન સુખાયને કેન્દ્રમાં રાખી જનમાનસનું ઘડતર અને સમાજનું માર્ગદર્શન પણ કરે છે. **તે માટે યથાયોગ્ય તંત્રી ડૉ. પ્રભુદાસ પટેલ અનેક સન્માનના અધિકારી છે.**

**અજિતભાઈ પટેલ - પૂર્વ પ્રમુખ, મેકન મંદિર**




કંટકીમાં મા ઉમિયાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રકાશિત સ્પેશિયલ અંકમાં આઠ શુભેચ્છા સંદેશાઓમાં ત્રણ અમેરિકાના હતા. સર્વશ્રી રસિકભાઈ (મેકન), શ્રી દિનેશભાઈ ડેની (મેરીલેન્ડ) અને શ્રીમતી અનીતાબેન (બોસ્ટન) ના સંદેશાઓમાં મા ઉમિયા પ્રત્યેની ભક્તિ, પાટીદારોની સંગઠન શક્તિ અને યુવાનોને **આ પવિત્ર અને પાવન કાર્યમાં જોડવાની અપીલ હતી, જે સરાહનીય છે.**

**ઘનશ્યામભાઈ પટેલ - કો-ઓર્ડિનેટર, યુએસએ**



‘ઉમા સૃષ્ટિ’ના સળંગ અડધો ડઝન અંક જોયા પછી મનન-મંથન અને વિચાર કરતાં લાગે છે કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની અનેકવિધ પ્રવૃત્તિઓના અવાજ તરીકે મા ઉમિયાના સંદેશ તરીકે પ્રકાશ પાડતું રહ્યું છે. ધર્મ-શિક્ષણ-સમાજ-નારી અને **બાલસૃષ્ટિને કેન્દ્રમાં રાખવાનું કાર્ય સર્વોપરી ગણાઈ રહ્યું છે.**

**અતુલ પટેલ - ઉમિયાધામ, ન્યૂજર્સી**



આ ‘ઉમા સૃષ્ટિ’ સામયિકનું મૂલ્ય રત્નથી પણ વિશેષ છે. રત્ન બહારથી ચમકીલું લાગે, જ્યારે આ સામયિક અંતઃકરણને અજવાળે છે. જેને વાંચવાનો થોડો પણ શોખ છે તેણે સૌ પ્રથમ

આ સામયિક વાંચવું જોઈએ. તે **સર્વત્ર સુખી કરી શકે છે અને મન-તનથી શાંતિ અર્પે છે.**

**કૌશિકભાઈ પટેલ - ચેરમેન, ઉમામંદિર, બોસ્ટન**



મે-૨૦૨૩નો અમેરિકા માટેનો 'ઉમા સૃષ્ટિ'નો સ્પેશિયલ અંક સૌ પાટીદારો માટે દીવાદાંડીરૂપ છે. મા ઉમિયા પ્રત્યે આસ્થા અને શ્રદ્ધા જગાવવા સક્ષમ છે. અંકના દરેક પાનામાં હૂંફ અને હૃદયમાં પ્રાણ પૂરવાની તાકાત છે. **આ અંક આપણી ભીતર અને બહારને જોડતો એક સેતુ છે.**

**અનીતાબેન પટેલ-ચેરપર્સન, મહિલા વિંગ, યુએસએ**



'ઉમા સૃષ્ટિ' હવે સંપૂર્ણ પારિવારિક સામયિક બની ગયું છે. આ સામયિક દરેક પાટીદારે વાંચવું જ જોઈએ. માત્ર વાંચું જ જોઈએ નહીં, ઘેર ઘેર વંચાય તે માટે અભિયાન ચલાવવું જોઈએ. આ મા ઉમિયાની પ્રસાદી રૂપ નજરાણું છે. **મા પ્રત્યે દરેકના હૈયામાં આસ્થા અને સદ્ભાવના જગાવવા સક્ષમ છે.**

**રાકેશ પટેલ - મંત્રી, મેકન મંદિર**



અદ્ભુત તંત્રી લેખ. દિલને હચમચાવી દે તેવો. હવે માત્ર વાતોથી કામ નહીં ચાલે. નક્કર કરી બતાવવું પડશે. આવી ગંભીર વાત-વિષય લોકો સમક્ષ મૂકવા બદલ 'ઉમા સૃષ્ટિ'ને અભિનંદન. મન થાકી જાય, હારી જાય, શ્રદ્ધા ડગી જાય ત્યારે નિર્જીવ લાગતા **આ સ્પેશિયલ અંકનાં પાનાં હૈયામાં હામ અને હૃદયમાં પ્રાણ પૂરે છે.**

**અશોકભાઈ પટેલ - પ્રમુખ, ઉમામંદિર, નેસવીલ**



પાટીદારોના વિકાસની યાત્રાને એક નવી ઊંચાઈએ લઈ જવા માટે 'ઉમા સૃષ્ટિ' સમર્પિત છે. તેના માધ્યમ દ્વારા સૌ સાથે મળીને પાટીદારોનો ભવ્ય ઇતિહાસ રચી શકાશે. પાટીદારોના વૈશ્વિક સંગઠન થકી એક નવા યુગનાં મંડાણ થઈ રહ્યાં છે. **જેમાં સર્વજન હિતાય - સર્વજન સુખાય જ હોય.**

**અશોકભાઈ પટેલ - ચેપ્ટર ચેરમેન, નોર્થ કેરોલીના**



નવશક્તિ ઉમિયાધામ - રીચમોન્ડ, કંટકી ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્પેશિયલ અંકના પ્રકાશન માટે લાખ લાખ વંદન. સુંદર મુખપૃષ્ઠ અને લે-આઉટ માટે તંત્રી **ડૉ. પ્રભુદાસ પટેલને અભિનંદન સાથે વંદન.**

**દિનેશભાઈ પટેલ - પ્રમુખ, મેકન મંદિર**



તંત્રીશ્રી, ઉમિયા નવશક્તિધામ - કંટકી ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને નિમિત્ત બનાવી 'ઉમા સૃષ્ટિ'નો સ્પેશિયલ અંક દિવ્ય - રમ્ય અને ભવ્ય બનાવ્યો છે. અહીં ગુજરાતના અમેરિકન પાટીદારોનો પ્રભાવ અને પાવર વધતો જાય છે. મા ઉમિયાના માધ્યમ થકી આપણું વૈશ્વિક સંગઠન અને **વિશ્વમાં સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શક્તિ મંદિર નિર્માણ જગતની અજાયબીમાં એકનો વધારો કરશે. ધન્યવાદ.**

**ઉમંગ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ, મેકન ■**





**રજની પટેલ**
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# દાંપત્યનો દસ્તાવેજ: પસંદગીનું પર્વ



કુમળા માનસપટ ઉપર સ્વપ્નનું વાવેતર થવાની શરૂઆત થાય ત્યારે સમજવું કે અઢારની ઊતરતી ઉંમરનું એંધાણ છે. દરેક યુવક કે યુવતી અઢારની ઉંમરે પહોંચે ત્યારે મનના ખેતરમાં વાવેતરની શરૂઆત કરે છે. એ વાવેતર એની કરિયરની કલ્પનાનાં હોઈ શકે કે પછી એ વાવેતર એની પ્રિયપાત્રની પસંદગી માટેનું હોઈ શકે. અઢાર વર્ષની ઉંમર પછી વ્યક્તિને જિંદગીના મૂળભૂત અધિકારો મળવાની શરૂઆત થાય છે. પોતાના પ્રિય પાત્રની પસંદગી કરવી અને પસંદગીનું પર્વ ઊજવવું એ એનો મૂળભૂત અધિકાર છે. ક્યારેક યુવક કે યુવતી અપરિપક્વતાને કારણે પ્રિય પાત્રની પસંદગી ઉતાવળથી કરી નાખે છે. **ઉતાવળથી કરેલા પસંદગીના વાવેતરમાંથી માત્ર વેદનાનો જ મોલ જ લણી શકાય.**

> **જીવનસાથીની પસંદગી કરવામાં યુવક કે યુવતીનાં મા-બાપની ભૂમિકા પણ અતિ અગત્યની હોય છે. કેટલાંક માબાપ સામેના પક્ષવાળાના પૈસાની ચાદરમાં એવા લપેટાઈ જાય છે કે અન્ય ગુણો ગૂંગળાઈને ચાદરમાં જ મૃત્યુ પામે છે.**

ફાટી જાય, તૂટી જાય, ખોવાઈ જાય કે પછી વપરાઈ જાય તેવા પદાર્થની પસંદગી કરવાની હોય તો એમાં અન્ય બીજી વસ્તુને અવકાશ છે, પણ જ્યારે જીવનસાથીની પસંદગી કરવાની હોય ત્યારે પૂરેપૂરી માનસિક સજ્જતા જરૂરી છે. મનની મક્કમતા મજબૂત હોવી જોઈએ. અહીં 'હા' પછી 'ના'ને અવકાશ નથી હોતો. અપરિપક્વતાની ઉતાવળ પસંદગીના પર્વને આનંદને સ્થાને ઊંડી વેદનાની ભેટ ધરી દે છે. વેદનાના વમળમાં વ્યક્તિ ફંગોળાય છે. થોડી પણ અવિચારી ઉતાવળ યુવક કે યુવતી કરી બેસે તો **ભવિષ્યની વધેલી જિંદગીના દિવસો ઉદાસીનતા અથવા વેદનાનાં ડૂસકાં ભરીને ગુજારવાનો સમય આવે છે.**

દાંપત્યજીવનની પૂર્વસંધ્યા એટલે યુવક કે યુવતીની જીવનસાથીની પસંદગીનું પર્વ જીવનસાથીના શોધખોળની શરૂઆત. આ પર્વને ઊજવવા ઢોલ, શરણાઈ અને અબીલ-ગુલાલની જરૂર તો પડે જ છે, પણ સાથે સાથે માનસિક પરિપક્વતા, દૃઢ મનોબળ, વિશ્વાસની વિશાળતા અને સમજૂતી માટેનું શાણપણ પણ એટલું જ જરૂરી છે. બ્લાઉઝનું મૅચિંગ શોધતી યુવતી મૅચિંગ શોધવા માટે માનસિકતા કેળવી અલગ અલગ દસ દુકાને ફરે છે, ત્યારે આ તો જિંદગીનું મૅચિંગ શોધવાનું છે. બ્રાન્ડેડ જીન્સ શોધતા યુવાને પણ વિચારવું જોઈએ કે જીવનસાથીની પસંદગી કરવામાં માત્ર બાહ્ય દેખાવ જ નહીં, પણ

બુદ્ધિની, ચારિત્ર્યની, દેખાવની, સંસ્કારની બ્રાન્ડ ધરાવતી જ યુવતી પસંદ કરવી જોઈએ. એકબીજાના વિચારોનું મૅચિંગ કરવાનું છે. મૅચિંગ વિનાની વસ્તુ મનભાવન નથી બનતી. તેમ જીવનસાથીમાં પણ ક્યાંક સંભવ બને. **જીવનસાથી ફાટી જાય, વપરાઈ જાય કે બદલી કરી શકાય એવી ચીજ, વસ્તુ કે પદાર્થ નથી કે એને બદલીને બીજો પસંદ કરી શકાય. આ બાબત દરેક યુવક અને યુવતીએ દૃઢતાપૂર્વક સાંત ચિત્તે વિચારવી જોઈએ.**

યુવકે કે યુવતીએ એના જીવનસાથીની શોધમાં હઠાગ્રહ છોડીને સત્ય-અસત્યની અંદર ઊતરીને સારાસારનો ભેદ સમજવો પડશે. જીવનસાથીની પસંદગી જીવનપર્યંતની પ્રક્રિયા છે. પ્રક્રિયાને અંતે સમીકરણમાં સુખ, શાંતિ અને સહવાસ મળવો જોઈએ. **નવા સંબંધ, નવું સરનામું અને નવા સંબોધનની શરૂઆત થવાની હોય ત્યારે સમજણનો સેતુ બનાવી સંસારસાગર તરવાની તત્પરતા બતાવવાની શરૂઆત થાય છે.**

જીવનસાથીની શોધમાં ચોક્કસ ધારાધોરણ, માપદંડ કે પછી બૌદ્ધિક આંક જરૂરી છે. નાની અપરિપક્વ ઉંમરે થતી ઉતાવળ જીવનભર વેદનાનાં ડૂસકાં જેવો ફાલ પેદા કરે છે. જીવનસાથી શોધવાના માપદંડમાં શૈક્ષણિક લાયકાત, દેખાવ, વજન, ઊંચાઈ, સંસ્કાર, કુટુંબ વ્યવસ્થા અને મોભો, જાતિ, ગોત્ર, કુળ ઉપરાંત સામાજિક પ્રતિષ્ઠાને પ્રાધાન્ય આપવું જોઈએ. બંનેની આર્થિક પરિસ્થિતિ સમતોલ હોવી જરૂરી છે. વૈચારિક પરિપક્વતાના સ્તરે યુવક કે યુવતીએ એના જીવનસાથીની પસંદગી કરવી જોઈએ. માત્ર એક વખતની મુલાકાતમાં મનમાં પેદા થયેલા આવેશો એ પસંદગી માટે પૂરતા નથી. **આંખમીચામણાંમાંથી ઊગેલા સંબંધ પર ક્યારેય આનંદ અને સુખનાં પુષ્પ ખીલતાં નથી એ ભૂલવું ન જોઈએ.**

જીવનસાથીની પસંદગી કરવામાં યુવક કે યુવતીનાં મા-બાપની ભૂમિકા પણ અતિ અગત્યની હોય છે. કેટલાંક મા-બાપ સામેના પક્ષવાળાના પૈસાની ચાદરમાં એવા લપેટાઈ જાય છે કે અન્ય ગુણો ગૂંગળાઈને ચાદરમાં જ મૃત્યુ પામે છે. માત્ર પૈસાને જ પ્રાધાન્ય આપવું હોય તો પછી પસંદગીને ક્યારેય અવકાશ આપી શકાતો નથી. પૈસાથી માત્ર વસ્તુ ખરીદી શકાય, મેળવી ન શકાય. પૈસાથી વસ્તુ વેચી શકાય, પણ મનમાં પ્રગટ થયેલો પ્રેમ વહેંચી ન શકાય. કેટલાંક મા-બાપ દીકરી કે દીકરાના સગપણને ચિંતા કે લપમાં મૂલવે છે. એ એવું વિચારે કે મારી દીકરી કે દીકરાનો સંબંધ થઈ જાય એટલે ગંગા નાહ્યા. આવાં મા-બાપ ઉતાવળ કરીને દીકરી કે દીકરાનો સંબંધ અયોગ્ય પાત્ર સાથે ગોઠવીને કાયમ માટે દુ:ખનું તાપણું કરીને શેકાતાં રહે છે. ઘણાં મા-બાપ ચિંતાવિહોણા બની, જાડી ચામડીનાં બનીને બાળકોની ઉંમર થઈ ગઈ હોવા પછી નીચે પડેલા ઘઉંના કંકરમાંથી સારા ઘઉંની શોધ કરવા નીકળે છે. **અંતે નિષ્ફળતા મળતાં યુવક કે યુવતીને તે ચોકઠામાં ફિટ કરી દે છે. આવાં મા-બાપે સાવધાન થવાની જરૂર છે.**

> **જીવનસાથીની પસંદગી કરવામાં યુવક કે યુવતીનાં મા-બાપની ભૂમિકા પણ અતિ અગત્યની હોય છે. કેટલાંક મા-બાપ સામેના પક્ષવાળાના પૈસાની ચાદરમાં એવા લપેટાઈ જાય છે કે અન્ય ગુણો ગૂંગળાઈને ચાદરમાં જ મૃત્યુ પામે છે**

યુવક કે યુવતી એ કોઈ ગોળ કે ચોરસ ચોકઠું નથી કે એને ફિટ કરી દેવાય. યુવકે યુવતી એ કોઈ દીવાલ પર ટીંગાડવાની વસ્તુ નથી કે એને ગમે ત્યાં ખીલી પર ટીંગાડી દેવાય. અલ્લડ યુવાની કાંઈક અણછાજતી ઉતાવળ કરી બેસે અને અયોગ્ય પરિણામ તરફ ખેંચી જાય તે પહેલાં **દરેક મા-બાપે યુવક અને યુવતીની ઉંમરને ધ્યાનમાં રાખીને સંબંધ માટેની સજ્જતા કેળવવી જોઈએ.**

દાંપત્યજીવનના દસ્તાવેજનો પ્રથમ અધ્યાય એટલે પસંદગી. દસ્તાવેજના પ્રથમ અધ્યાયે **યુવક-યુવતીએ અગ્નિની સાક્ષીએ તો ખરો જ, પણ આત્માની સાક્ષીએ એકરાર કરવો જોઈએ કે...**

- જીવનસાથી પસંદ કરતી વખતે અમે અમારી પરિપક્વ ઉંમર પછી જ જીવનસાથીની પસંદગી કરીશું. અપરિપક્વ અને કાચી ઉંમરે થયેલી પસંદગી કલ્પિત પરિણામ આપી નથી શકતાં. **વીસ વર્ષની ઉંમર પછી જ અમે જીવનસાથીની શોધ કરીશું.**
- અમારા નવા સંબંધોની શોધ કરવામાં અમારા કુટુંબના વડીલો, મા-બાપ અને સમાજને સહકાર લઈશું. એકબીજાંના કુટુંબને ઓળખીને એકબીજાંમાં ભળી જવા ગોત્ર, જ્ઞાતિ, સમાજને પ્રાધાન્ય આપીશું. **અજાણ્યા કુટુંબમાં એમની પાકી માહિતી મેળવ્યા સિવાય ઉતાવળ નહીં કરીએ.**
- કૉલેજકાળ દરમિયાન આંખની કીકીના ઈશારે બંધાયેલા ક્ષણિક આવેશથી પ્રેરાઈને જીવનસાથીની પસંદગી કરતાં અમે વિચારીશું. બાઈક, ગાડી કે વસ્ત્રોનો ચળકાટ, પાત્રનું રૂપ અને સ્ટાઈલ જોઈને નહીં, પણ **સંસ્કાર, બુદ્ધિમત્તા અને કુટુંબની પ્રતિષ્ઠાને પ્રથમ સ્થાન આપીશું.**
- જીવનસાથીની પસંદગીમાં ઊંચાઈ, રૂપ, વજન, શારીરિક યોગ્યતાને બાહ્ય ગુણો તરીકે અને **સંસ્કાર, કુળ, ગોત્ર, કુટુંબ, કુટુંબના સભ્યોની માનસિક સજ્જતાને આંતરિક ગુણો તરીકે મૂલવ્યા પછી જ પસંદગીમાં ઊંડાં ઊતરીશું.**
- જીવનસાથીની પસંદગીમાં બંનેની શૈક્ષણિક લાયકાતને પ્રાધાન્ય આપીશું. વધારે ભણેલા યુવક સાથે અભણ યુવતી અને વધારે અભ્યાસ ધરાવતી યુવતી સાથે ઓછા ભણતરવાળો યુવક વૈચારિક દૃષ્ટિએ ઐક્ય જાળવી શકતાં નથી અને પ્રસન્નતા લગભગ લૂંટાતી હોય છે. **સમકક્ષ વિચાર ધરાવતા, શિક્ષણની સમતુલા જળવાય એવા જીવનસાથીની જ પસંદગી કરીશું.**
- ગરોળીના પેટ જેવી લીસી લાલચને ક્યારેય મહત્ત્વ નહીં આપીએ. ભૌતિકવાદની જગ્યાએ આદર્શવાદને મહત્ત્વ આપીશું. **ધન-દોલત, રાચરચીલું, બંગલા, ગાડી વગેરેના સ્વપ્નમાંથી બહાર નીકળીને સંસ્કારોના ઉપવનને વધારે પસંદ કરીશું.** ■

**મમતા મહેતા**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# બાળઉછેર એક કળા છે

બાળઉછેર એ એક કળા છે. યોગ્ય બાળઉછેર એક જવાબદાર નાગરિકનું નિર્માણ કરે છે અને આ કારણે જ સ્વસ્થ સમાજ માટે બાળકોનો યોગ્ય રીતે ઉછેર થાય એ બહુ જરૂરી છે. ઉત્તમ બાળઉછેરની પ્રક્રિયા દરમિયાન બહુ ધીરજ અને સંયમ રાખવો પડે છે. આ આખો પ્રવાસ પ્રેમની ક્ષણોથી ભરપૂર હોય છે પણ આ પ્રવાસ કરતી વખતે માનસિક રીતે જાગૃત રહેવું અત્યંત જરૂરી હોય છે. બાળકોના ઉછેરમાં શરૂઆતનાં વર્ષો ઘણાં કીમતી હોય છે. આ અગત્યના સમયગાળા દરમિયાન જ તેમનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. વિજ્ઞાનનાં સંશોધનોએ સાબિત કર્યું છે કે બાળકની ગ્રહણશક્તિ શરૂઆતના આઠથી નવ વર્ષ સુધી મહત્તમ હોય છે. જો આ સમય દરમિયાન બાળકને યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવે તો તે પોતાની શક્તિઓનો સર્વાંગી વિકાસ કરી હોશિયાર, નીડર અને બુદ્ધિશાળી બની શકે છે. જો તમે પણ તમારા બાળકનો યોગ્ય રીતે ઉછેર કરવા ઇચ્છતા હો તો કેટલાક મુદ્દાઓનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. **બાળઉછેર હકીકતમાં માત્ર બાળકને મોટું કરવાની પ્રક્રિયા જ નથી, તે વ્યક્તિને વધારે પરિપક્વ અને સંવેદનશીલ બનાવે છે.**

**ઘરનું હકારાત્મક વાતાવરણ**

બાળકના યોગ્ય વિકાસ માટે ઘરનું વાતાવરણ હકારાત્મક હોવું જોઈએ. બાળકને ઘરમાં પ્રેમ, આનંદ, ખુશી મળવા જોઈએ. જો બાળકને ઘરમાં સંતોષ નહીં મળે તો તેનું ચિત્ત ઘરની બહાર રહેશે અને તેને ઘરમાં ગમશે નહીં. બાળક ઘરમાં હોય ત્યારે એને મોકળાશભર્યું વાતાવરણ આપો. તેને હોમવર્કના દબાણમાં ન રાખો, રોકટોક ન કરો. **વારંવાર સલાહ આપ્યા કરવાથી તેને ઘરમાં રહેવું ઓછું ગમશે અને તેનું મન નકારાત્મક વિચારોમાં ફસાઈ વિકૃતિના માર્ગે જતું રહેશે.**

**બાળકોને કરવા દો મનગમતી પ્રવૃત્તિ**

બાળકને કુદરતી વાતાવરણમાં રમવા દો. કુદરતના નિયમોને જાણવા દો. બાળકને વૃક્ષમાં, જંગલમાં, નદીમાં, દરિયામાં કે પહાડ પર રમવા દો. તેની સાહસિકતાને ખીલવા દો. તેની હિંમત ખૂલશે અને સાચું ઘડતર થશે. બાળકને શું ગમે છે કે શું નથી ગમતું તે સમજી તેની પસંદગીને સ્થાન આપો, પરંતુ તમારા વિચારો તેના પર ઠોકી ન બેસાડશો.



> **બાળક હંમેશાં હસતું-ખીલતું રહેવું જોઈએ. ઘણી વાર મા-બાપ બાળકોને મોટા અવાજે ધમકાવે છે અને બૂમો પાડીને ચૂપ કરી દે છે. બાળકના ઉછેર માટે આ તદ્દન ખોટી રીત છે.**

બાળકના વ્યક્તિત્વ વિકાસ માટે તેનામાં જીવન જીવવાના હકારાત્મક ગુણોનો વિકાસ થાય એવી રીતે તેમને યોગ્ય દોરવણી આપો. ઘણાં બાળકો નાનપણમાં બહુ તોફાની હોય છે, પણ તે જ બાળકો મોટાં થઈ બહુ શાંત અને હોશિયાર થઈ જતાં હોય છે. આ પરિવર્તનનું કારણ હોય છે તેમનામાં રહેલી ઊર્જાશક્તિ. **જો આ ઊર્જાને હકારાત્મક માર્ગે વાળવામાં આવે તો દુર્વ્યય થતી શક્તિઓનો સદુપયોગ થાય છે.**

**સન્માન આપશો તો મળશે**

બાળક હંમેશાં હસતું-ખીલતું રહેવું જોઈએ. ઘણી વાર મા-બાપ બાળકોને મોટા અવાજે ધમકાવે છે અને બૂમો પાડીને ચૂપ કરી દે છે. બાળકના ઉછેર માટે આ તદ્દન ખોટી રીત છે.વારંવાર નાની નાની બાબતોમાં બૂમો પાડી બાળકોને તાબે કરવામાં કોઈ શાણપણ નથી. આના પ્રત્યાઘાતરૂપે બાળકો મોટાં થઈ આપણી સામે જવાબ આપે છે ત્યારે આપણને આઘાત લાગે છે. **જો આવું ન થાય એ માટે સમજવું જોઈએ કે સન્માન આપશો તો મળશે.** ■



**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# પ્રશંસા અને ખુશામત વચ્ચેનો ભેદ પારખવો સહેલો નથી



**પ્રશંસા પ્રામાણિક છે, જ્યારે ખુશામત પ્રશંસાનો અંચળો ઓઢીને આવેલી છેતરામણી ચીજ છે. પ્રશંસાના શબ્દો જિગરમાંથી નીકળે છે, જ્યારે ખુશામતનાં વાક્યો માત્ર હોઠમાંથી જ જન્મે છે. ખુશામતમાં સ્વાર્થ છે, જ્યારે પ્રશંસામાં સ્નેહ છે.**

ખુશામત તો ખુદા કો ભી પ્યારી હૈ - તેવું કહેવાય છે. સાચી આવડત અને હોશિયારી સાથેની પ્રશંસા વ્યક્તિને પ્રેરણાદાયી બને છે, પરંતુ ખોટી ખુશામત માણસની સફળતાને બ્રેક મારી દે છે. ખુશામત અને પ્રશંસા વચ્ચે બહુ આછો પડદો છે. **કોઈ વ્યક્તિ દ્વારા વખાણના સ્વરૂપમાં કહેવાયેલા શબ્દો પ્રશંસા છે કે ખુશામત તે પારખવાનું કામ બહુ ઊંચી સમજદારી માગી લે છે.**

ઘણી વખત માણસ સારું લગાડવા કે પોતાનું કામ કઢાવવા માટે ખુશામત કરતા હોય છે. **ખુશામત એવી ચીજ છે કે જો તેને ઓળખવામાં ન આવે તો ગૅસના ફુગ્ગાની જેમ ઉપર ચડાવે છે અને પછી આ ફુગ્ગો ફૂટી જાય છે.**

ડેલ કાર્નેગીએ કહ્યું છે કે, પ્રશંસા અને ખુશામત વચ્ચેનો તફાવત સમજવાનું કામ તો જ્ઞાની માટે પણ અઘરું છે. પ્રશંસા પ્રામાણિક છે, જ્યારે ખુશામત પ્રશંસાનો અંચળો ઓઢીને આવેલી છેતરામણી ચીજ છે. પ્રશંસાના શબ્દો જિગરમાંથી નીકળે છે, **જ્યારે ખુશામતનાં વાક્યો માત્ર હોઠમાંથી જ જન્મે છે. ખુશામતમાં સ્વાર્થ છે, જ્યારે પ્રશંસામાં સ્નેહ છે.**

સફળતા અને સિદ્ધિનું ગૌરવ હોય તે સ્વાભાવિક છે. સફળતાના સંજોગોમાં ઘણી વખત માણસ નબળી વાત સહન પણ કરી શકતા નથી. જોકે ખરેખર લાયકાત હોય ત્યારે સ્વાભિમાન કરવાનો પણ માણસને અધિકાર છે.

એડોલ્ફ હિટલરની એક વાત રસપ્રદ છે. હિટલર ઠીંગણા હતા. હિટલરને એક વખતે એક બુક જોઈતી હતી. જે અભરાઈ પર બુક્સ હતી તે થોડી ઊંચી જગ્યાએ હતી. બાઠ્યા હિટલરે બુક લેવાનો પ્રયત્ન કર્યો, પણ ઓછી ઊંચાઈના કારણે તેઓ બુક સુધી પહોંચ શકતા ન હતા.

હિટલરના એક સૈનિકે જોયું કે હિટલર અભરાઈ સુધી પહોંચી શકતા નથી. આ સૈનિક ઊંચો હતો. સૈનિકે હિટલરને કહ્યું કે- લાવો, હું બુક ઉતારી આપું. હું તમારા કરતાં ઊંચો છું. હિટલરે સૈનિકને કહ્યું - માઈન્ડ વેલ માય ડિયર ફ્રેન્ડ, તું મારાથી ઊંચો નથી પણ માત્ર મારાથી લાંબો છે. સૈનિકને હિટલરની વાત સારી રીતે સમજાઈ ગઈ.


પ્રશંસા અને હકીકત ક્યારેક વિચિત્ર વિચારો સાથે માણસની સામે ઊભા રહી જાય છે. ચર્ચિલની સાથે બનેલી એક સરસ ઘટના જાણવા જેવી છે. ચર્ચિલે એક વખત રેડિયો પર ભાષણ આપવા માટે રેડિયો સ્ટેશને જવાનું હતું.

ચર્ચિલ પાસે ત્યારે કોઈ વાહન ન હતું. રોડ પર જઈને તેણે એક ટૅક્સીવાળાને રોક્યો. ચર્ચિલે કહ્યું, ચાલો. ટૅક્સીચાલકે સારા શબ્દોમાં ના પાડીને કહ્યું કે, સૉરી સાહેબ, હું તમારી સાથે નહીં આવું. આજે મારા પ્યારા નેતા ચર્ચિલનું રેડિયો પર ભાષણ આવવાનું છે. મારે ચર્ચિલને સાંભળવા માટે ઘેર જવું છે.

ચર્ચિલ ગદ્‌ગદ થઈ ગયા. એક ટૅક્સી ડ્રાઇવર પણ મારો કેટલો આદર કરે છે. ચર્ચિલે ખુશ થઈને ખિસ્સામાંથી પાંચ પાઉન્ડ કાઢીને ઇનામ તરીકે ટૅક્સી ડ્રાઇવરને આપ્યા. પાંચ પાઉન્ડ જોઈને ટૅક્સીના ચાલકે કહ્યું, ચૂલામાં ગયા ચર્ચિલ. ચાલો, હું તમને મૂકી જાઉં. તમારે ક્યાં જવું છે?

ચર્ચિલે ટૅક્સીવાળા સાથે કોઈ ચોખવટ ન કરી. ચર્ચિલે નોંધ્યું કે ટૅક્સીચાલકની પ્રશંસા કદાચ સાચી હતી. સાથોસાથ એ પણ સત્ય હતું કે રોજગારી માણસ માટે તેના પ્યારા નેતાના ભાષણ કરતાં પણ જરૂરી હતી. પાંચ પાઉન્ડ માટે પોતાના ભાષણનો તિરસ્કાર કરવા છતાંયે ચર્ચિલે આ ટૅક્સીચાલકની વાત બહુ પૉઝિટિવલી લીધી હતી.

પ્રશંસા સાચી હોય તો પણ પ્રશંસાથી છકી ન જવાય તેનું ધ્યાન પ્રશંસા મેળવનારે રાખવું પડે છે. સાચી પ્રશંસા પણ પચાવવી જોઈએ. ફૅલયમ કહે છે કે - પ્રશંસા જુદી જુદી વ્યક્તિઓ પર જુદો જુદો પ્રભાવ પાડે છે. પ્રશંસા વિવેકીને વધુ નમ્ર બનાવે છે અને મૂર્ખને વધુ અહંકારી બનાવી દે છે. પ્રશંસા કરવી એ આવડત છે અને પ્રશંસાને સમજવી તેનાથી પણ મોટી આવડત છે. ■



**ઉમાશંકર જોશી ,**
લેખક જાણીતા સાહિત્યકાર અને કોલમિસ્ટ છે

# શરીરને મેં બહુ છેતર્યું છે



**અમેરિકામાં રસ્તા પર લોકો ચાલતાં ચાલતાં સૅન્ડવિચ કે હૅમ્બર્ગર ખાતા જોવા મળે છે. પલાંઠી વાળીને નિરાંતે ચાવવાના અને પચાવવાના પણ દિવસો ગયા. ખાવું અને ખાઈ નાખવુંનો ભેદ ક્યારેક તો સમજાવો જોઈએ. બે કોળિયાની વચ્ચે થોડોક અવકાશ પણ રહેવો જોઈએ.**

એક બાજુ ચાર્વાક છે. એમનો મંત્રઃ દેવું કરીને પણ ઘી પીઓ. બીજી બાજુ મંત્ર છે કે ભોગવ ખરો, પણ ત્યાગીને. આ બંને મંત્રની વચ્ચે માણસ યંત્ર જેવો છે. **કેવળ જલસા કરવા અને કશું જ ન જાણવું એ બંને અતિરેકની વચ્ચે મોટા ભાગના માણસો ઓછેવત્તે અંશે જીવતા હોય છે.**

શરીર આપણું દુશ્મન હોય એમ આપણે એની પાસે કામ, વૈતરું, વેઠ કરાવીએ છીએ. શરીર છે તો આપણે છીએ એ વાત ભૂલી જઈએ. શરીર આપણું ગોકુળ છે. ગંદકીનો ગાડવો નથી. **'ગો'નો એક અર્થ ઈન્દ્રિય પણ થાય છે. આપણે બધા જ ઈન્દ્રિય કૂળના છીએ.**

એક સમારંભ હતો. કોઈક સ્વામીજી દે ધનાધન, દે ધનાધન - એમ ઝીંકતા હતા. કહે છે શરીર છે જ નહીં. મારે પ્રયત્ન કરવાનો વારો આવ્યો ત્યારે મેં કહ્યું કે અહીંથી થોડેક જ દૂર સ્મશાન છે - અને એમાં જે બળે છે તે શું છે, શરીર છે કે અન્ય કંઈ! બીજી વાત કરી કે આ સમારંભમાં હું આવી શક્યો, કારણ કે શરીર છે એટલે. **આજે મને તાવ નથી, માથું દુઃખતું નથી, હાથપગ હાલી શકે છે. એટલે શરીર તો છે જ.**

એ છે, એટલે આપણે એને છેતરીએ છીએ. જીવથી જીવતા જ નથી. જીભથી જીવીએ છીએ. શરીર 'ગાર્બેજ બૅગ' હોય એમ આચરકૂચર ખા-ખા કરીએ છીએ. ભૂખથી ક્યારેક જ ખાઈએ છીએ. સ્વાદથી જ વિશેષ ઓહિયાં કરીએ છીએ. **યમ તો આપણને ભોગવવાનો હોય ત્યારે ભોગવે - પણ આપણે શરીરને રાજયોગ અને રાજરોગ બંને આપીએ છીએ.**

શરીરને એના પોતાના સંબંધીઓ પણ છે. ડાયાબિટિસ, બ્લડ પ્રેશર, સંધિવા, હાર્ટએટૅક, કૅન્સર. આ બધા કૌરવોની જેમ ઘેરો ઘાલી શકે. ડૉક્ટર્સ અને નર્સ આ બધાંની આંગળી પકડીને ચાલે છે. 'સ્પેશિયલાઈઝેશન્સ'ના આ જમાનામાં જ્યોતીન્દ્ર દવે કહેતા એમ જમણા કાનના ડૉક્ટર જુદા, ડાબા કાનના ડૉક્ટર જુદા. સારું છે તે બત્રીસ દાંતના - દાંતે દાંતે ડૉક્ટર નથી. ભગવાને બે જ આંખ આપી છે એ સારું છે, નહીં તો મોતિયો ઉતરાવવાની જફામાંથી ઊંચા જ ન આવત. મારો ભાઈ અરવિંદ ઘણી વાર કહે છે કે **અત્યાર સુધીમાં એટલા બધા એક્સ-રે ભેગા થયા છે કે જહાંગીર આર્ટ ગૅલેરીમાં વન મેન શૉ થઈ શકે.**

કોઈ પણ પરિસ્થિતિમાં હસી શકીએ એ મોટી વાત છે. છતાં પણ વાસ્તવિકતાનો નકાર ન કરી શકીએ. કેટલાક લોકો એટલા ઝડપથી ખાય છે કે ખબર નથી પડતી કે એ ખાય છે કે ગળી જાય છે. અમેરિકામાં રસ્તા પર લોકો ચાલતાં ચાલતાં સૅન્ડવિચ કે હૅમ્બર્ગર ખાતા જોવા મળે છે. પલાંઠી વાળીને નિરાંતે ચાવવાના અને પચાવવાના પણ દિવસો ગયા. **ખાવું અને ખાઈ નાખવુંનો ભેદ ક્યારેક તો સમજાવો જોઈએ. બે કોળિયાની વચ્ચે થોડોક અવકાશ પણ રહેવો જોઈએ.**

પણ માણસ જેનું નામ - એ શરીરને - પોતાના શરીરને પણ છેતરે છે. શરીર દોડે છે, મન દોડે છે, શરીર હાંફે છે, મન હાંફે છે, કોઈને સમય નથી એવું કહેવાનો પણ સમય નથી. આ દુનિયા જાણે કે વિરાટ રેસકોર્સ હોય એમ અશ્વની જેમ દોડીએ છીએ. **હણહણતો અશ્વ ક્યારે લાકડાનો થઈ જશે એની કોને ખબર છે? શરીર ફિયાટ ગાડી હોય તો એને જીપની જેમ ન વપરાય.** ■



**ડો. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કોલમિસ્ટ અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.

# વિરોધ ક્યારેક વરદાન બને છે



વાદ-વિવાદમાંથી જ્ઞાન પ્રગટે છે, સંઘર્ષમાંથી ચિનગારી જન્મે છે, તેમ લોકો દ્વારા કરવામાં આવેલો વિરોધ પણ ક્યારેક આપણા માટે વરદાન બની જતો હોય છે. હકીકતમાં આપણો વિરોધ કરી આપણને માનસિક પરિતાપ પહોંચાડનારા લોકો આપણા સહાયકો છે, કારણ કે **તેઓ વિરોધ કરીને આપણા જ્ઞાનતંતુઓને તથા આપણી બુનિયાદી બુદ્ધિના ઓજસને વધુ ચમકીલું બનાવે છે.**

જગતને આદત છે તપાસવાની અને તારવાની. એટલે તમારી વાત અથવા કાર્ય જગત એક જ ધડાકે શાનું આવકારી લે? એવું હંમેશાં નથી બનતું. અગ્નિપરીક્ષા આપીને સતીત્વની પ્રતીતિ કરાવનાર સીતાને પણ આળમાંથી આ જગતે મુક્ત નથી રાખી. **પ્રેમ અને ક્ષમાનો મહાન સંદેશ પ્રદાન કરનાર ઈશુ ખ્રિસ્તને પણ વધસ્તંભે લટકાવીને જ સત્ય ખાતર બલિદાન આપવાની હિંમતનું પારખું લીધું છે.**

> **સ્વેટ માર્ડન કહે છે તેમ: 'લટકાવેલી તલવારોની તીણી ધાર નીચે તમારા ખભા ઉઘાડા રાખી, ઊભા રહી, ખભા ઊંચા-નીચા કરવાની તમારી ખોડ સુધારવાની તમારામાં શક્તિ છે?**


સૂરજે ઊગતાં પહેલાં અંધારી રાતનો સામનો કરવો પડે છે, વહેતા નિર્ઝરે પથમાં પડેલ ખડકના ખમીર સાથે બાથ ભીડવી પડે છે, વિશાળ વટવૃક્ષ બની ચૂક્યા અગાઉ છોડરૂપે રહેલા વડે વર્ષાની ઝડીઓ, **વૈશાખી આંધીઓ કે શીત પવનના સૂસવાટા સમક્ષ પોતાની તાકાતની અડગતા પુરવાર કરવી પડે છે.**

વિરોધથી ગભરાય તે વામન અને વિરોધને હસતા મોંઢે કચડીને આગળ વધે તે વિરાટ. સ્વેટ માર્ડન કહે છે તેમ: 'લટકાવેલી તલવારોની તીણી ધાર નીચે તમારા ખભા ઉઘાડા રાખી, ઊભા રહી, ખભા ઊંચા-નીચા કરવાની તમારી ખોડ સુધારવાની તમારામાં શક્તિ છે? લોકોના તિરસ્કાર અને સડેલાં ટામેટાંનો માર સહન કરી તમે શાંત અને સ્થિર ઊભા રહી શકશો? જે વખતે **તમારા દરેક વાક્ય માટે ઉપહાસ અને તિરસ્કાર થતાં હોય તે વખતે સ્થિર પગે ઊભા રહેવાની તમારામાં શક્તિ છે?**

જિંદગીનું બળ સંઘર્ષો સામે ટકી રહેવા માટે લડવી પડતી લડાઈઓના સ્વાનુભાવમાંથી જન્મે છે. અંતઃકરણને આઘાત પહોંચાડનાર પરિસ્થિતિઓ કે વ્યક્તિઓ જ આ બળના આવિર્ભાવનું નિમિત્ત બનતી હોય છે. **રત્ન બહાર નીકળે એ માટે વસુધાએ પણ પોતાના વક્ષસ્થળ પર પ્રહારો ક્યાં સહન નથી કરવા પડતા?**

વેદનાનો ઉપહાર દેનારને ઝાઝા જુહાર. ■

ડો. શિપ્રા માથુર
લેખક જાણીતા કોલમિસ્ટ છે



# પૈસા કમાવો - ચરિત્ર ન ગુમાવો: મદદ લો - બાંધછોડ ના કરો

સ્વામી વિવેકાનંદ તેમના ઓછા આયુષ્યમાં અનેક બોધપાઠ આપતા ગયા છે. ૧૮૮૬ની વાત છે. ગુરુ રામકૃષ્ણ પરમહંસે પૂછ્યું કે, 'શું જોઈએ છે?' સ્વામીજીએ કહ્યું, 'નિર્વિકલ્પ સમાધિ.' તો ગુરુએ કહ્યું, 'આટલા હીન વિચાર... હું તો વિચારતો હતો કે તું વટવૃક્ષ બનીશ, હજારોને આશ્રય આપીશ. તું તો ફક્ત તારી મુક્તિનું વિચારે છે.' આ સાંભળીને સ્વામીજી રડી પડ્યા. પછી **એક દિવસ તેઓ સમાધિમાં બેઠા અને બહુજનહિતાય, બહુજનસુખાય અને સત્યના પ્રચારનો સંકલ્પ લઈને ઊઠ્યા.** જીવન જીવવાની કળા શીખવતા સ્વીમીજીના જીવનના આવા કિસ્સા જણાવે છે ડૉ. શિપ્રા માથુર...

### ભલે એક જ હોય, પણ જીવનમાં મિત્ર જરૂરી છે

સ્વામીજી રાજપૂતાનાના ખેતડી રિયાસતના રાજા અજિતસિંહને પોતાના મિત્ર માનતા. અમેરિકામાં બીમારી વખતે એક પત્રમાં તેમને ઉદ્દેશીને સ્વામીજીએ લખ્યું હતું કે, 'ફક્ત તમારી સમક્ષ હાથ ફેલાવતા હું શરમ નથી અનુભવતો.' સ્વામીજી માતાની સંભાળ માટે પણ તેમને જ કહેતા. તેમણે એક જ મજબૂત મિત્ર બનાવ્યો, **જેમને તેમણે બધી જ વાત કરી, પત્રો લખ્યા, મદદ લીધી અને તેમને જ્ઞાન પણ આપ્યું.**

### મહિલાઓ વિશેના નિર્ણયો પુરુષોએ કરવા નહીં

કોઈએ સ્વામીજીને વિધવા વિવાહ અંગે પૂછ્યું તો તેમણે કહ્યું કે, 'કોઈ વિધવાને જ પૂછો. એ નક્કી કરનારા આપણો કોણ?' ૧૯૮૪માં એક પત્રમાં તેમણે લખ્યું છે, 'બેલ્લુર મઠ બનાવતા પહેલાં મેં મહિલાઓના આશ્રમ માટે એક જગ્યા બનાવવાનો સંકલ્પ કર્યો છે.' સાથે સ્વામીજીએ મઠ માટે ભેગા કરેલા રૂ. સાત હજાર મોકલતા કહ્યું કે, **'મહિલાઓ પર શાસનની નહીં, સહકારની નિયત રાખો.'**

### મદદના બદલામાં ખોટા વિચારોને સ્વીકારશો નહીં

અમેરિકા જતા પહેલાં સ્વામીજીએ લોકોનું સમર્થન માગ્યું. થિયોસોફિકલ સોસાયટીના કર્નલ ઓકાલ્ટે તેમને કહ્યું કે, 'સમર્થન પત્ર જોઈએ તો સોસાયટીના સભ્ય બનો.' સ્વામીજીએ કહ્યું, 'હું તમારા મોટા ભાગના સિદ્ધાંતો વિરુદ્ધ છું એટલે સભ્ય ના બની શકું.' છેવટે તેમણે વિચાર્યું કે, **'સારું થયું દેશહિતના કામ માટે મેં એકના બદલે અનેક દેશવાસીની મદદ લીધી.'**

### અંધવિશ્વાસ અધર્મ, ધર્મ વિશ્વાસ શીખવે છે

૧૮૯૧ની વાત છે. સ્વામીજી ટ્રેનમાં અમદાવાદ જતા હતા. તેમની પાસે એક મુસાફરે ચમત્કારોની વાત કરી. સ્વામીજીએ તેને ઠપકો આપતા કહ્યું કે, 'અલૌકિક શક્તિ અને અધ્યાત્મને કોઈ સંબંધ નથી. ઈચ્છાઓના ગુલામ અને અહંકારીઓ જ ચમત્કારોના ચક્કરમાં પડે છે. **આવી નિરર્થક બાબતોથી જ દેશ બરબાદ થાય છે.'** ■



**બાલ્ઝાક**
લેખક ઉચ્ચ કોટિના સાહિત્યકાર છે

# ધનના પ્રત્યેક ઢગ પાછળ ગુનાખોરીના સાપ સળવળે છે



**ગુલામ ઘણા રખડે છે, તેની કિંમત ઓછી. અનાજ મબલક પાકે છે તેના દામ સસ્તા. સોનું ઓછું મળે છે તે મૂલ્યવાન. હીરા-મોતી ગોત્યાં જડતાં નથી તેથી તે મહામૂલ્યવાન. શેઠ શઠ બને છે. કામ પ્રમાણે દામને બદલે થોડું ઓછું આપીએ. ફાયદો જ ફાયદો.**

બાઈબલની એક બોધકથા છે. વાડીમાં મબલક પાક ઊતર્યો છે. ફળ વેડવાનાં છે. ટોપલીઓ ભરવાની છે. મહેનતુ કામઢા માણસોની જરૂર છે. વહેલી સવારે મજૂરોનો એક સમૂહ કામે વળગાડ્યો છે. કામની શોધ કરતા બીજા મજૂરો બપોરે આવ્યા. તેમને પણ કામે લીધા. સાંજ થવામાં હતી. દિવસ ઢળવામાં હતો. વખાના માર્યા કામ શોધતા બીજા થોડા મજૂર આવ્યા. તેમનેય કામે ચડાવ્યા. દિવસ પૂરો થયો. વાડીવાળાએ દરેકને મહેનતાણું ચૂકવવા માંડ્યું. સવારવાળાને મહેનતાણું આપ્યું બરોબર તેટલું જ બપોરવાળાને આપ્યું. સાંજે આવ્યા તેને પણ તેટલું જ... **વાડીવાળાનો છોકરો સમસમી ઊઠ્યો: 'બાપા, આ તો સરાસર અન્યાય.' આદમના પુત્રમાં શેતાન દાખલ થાય છે. ધીમે ધીમે પગ પહોળા કરે છે.**

બાપાએ સમજાવ્યું: 'બેટા, આ જ છે ઈશ્વરી ન્યાય. કામ તો કરશે બધા, પોતાની શક્તિ પ્રમાણે. પણ મેળવશે પોતાની જરૂરત પ્રમાણે. સવારે આવ્યા તેમને ખાવા જોઈએ તેટલું જ બપોરવાળાને જોઈએ. સાંજે આવ્યા તેમની ભૂખ પણ તેટલી જ. છેલ્લે આવેલાને પણ તેની જરૂરત પ્રમાણે આપજે.' **ઈશ્વરે આપેલી બુદ્ધિ વાડીમાં શેતાને સીંચાઈ કરી છે. ઈડનના બગીચામાં સ્વાર્થનો સાપ લપક્યો છે.**

નવી પેઢી નવા દાવ ખેલે છે. ન્યાયનાં ધોરણ બદલાય છે. નિયમોનાં નીતનવાં તોરણ બંધાય છે. કામ પ્રમાણે દામ મળે. કેળવો એટલું મેળવો. માણસ સૃષ્ટિનો ટ્રસ્ટી મટી પોતાને માલિક સમજે છે. નબળા ભાઈને પોષવાનો નથી, શોષવાનો છે. શેઠ અને નોકરનું દ્વંદ્વ રચાયું. બળિયો નબળાને દમે તેવી સ્મૃતિઓ ને સંહિતા રચાયાં. માગ અને પુરવઠાના, બળિયાના બે ભાગનાં શાસ્ત્ર સર્જાયાં. ગુલામ ઘણા રખડે છે, તેની કિંમત ઓછી. અનાજ મબલક પાકે છે તેના દામ સસ્તા. સોનું ઓછું મળે છે તે મૂલ્યવાન. હીરા-મોતી ગોત્યાં જડતાં નથી તેથી તે મહામૂલ્યવાન. શેઠ શઠ બને છે. કામ પ્રમાણે દામને બદલે થોડું ઓછું આપીએ. ફાયદો જ ફાયદો. ફાયદાના ફાયદા બન્યા. **કરોડ મજૂરને એક એક રૂપિયો ઓછો આપીએ. કરોડોનો ફાયદો. તેમાંથી કરોડો બનાવ્યે જાઓ. મૂડી જમાવ્યે જાઓ. વિકાસ કર્યે જાઓ.**

બીજાનો ભાગ મારવો તે લૂંટ નથી? સમાજને આપવાના કરની ચોરી - ટૅક્સ પ્લાનિંગ છે. કુદરતી સંપત્તિ, મૂડી અને મજૂરીના હિસ્સા પાડવાનાં શાસ્ત્ર રચાયા. **ચોરી કરવાનું પણ જ્યારે શાસ્ત્ર બને ત્યારે ગુનો હોશિયારી ગણાય, પાપ-પુણ્યના ભેદ લોપાય.**

ધનના ઢગ ગગનચુંબી ઈમારતોની જેમ આકાશે ચડતા જાય. ગુનાખોરી અને પાપની ગર્તા પાતાળે ઊતરતી જાય. ક્રિયા અને પ્રતિક્રિયા સામસામાં ને સરખાં છે. ગુનો અને સજાનાં તોલ-મોલ સરખાં થશે. ધનના ઢગલા નીચે પાપના સાપ સળવળે. સંતાપ સજા છે. પાપ કોઈને છોડતું નથી. દાન કે ખેરાતથી સંતાપનો તાપ શમતો નથી. **નિયો-રિલિજિયન જેવા ધરમવેડાથી શાંતિ ખરીદાતી નથી. ગૉડફાધરથી ગૉડમૅનની દોડ નકામી છે.**

ઈશ્વરની સંપત્તિના ટ્રસ્ટી બનો. દરીદ્રનારાયણ બેનિફિશયરી છે. તેને માટે નાણાં વાપરો. આવું કહેનાર ગાંધી સવાસો વર્ષ જૂનો થઈ ગયો. **ઘડિયાળના કાંટા પાછા ફરશે નહીં. ધનના ઢગલા ઊંચા ચડશે. પાપની ખાઈ પાતાળે પહોંચશે. શેતાનને નાથવા ઈશ્વર પ્રાર્થના કરશે.** ■

## FLORA AKSHAR CITY

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : 99252 48651, 86000 04901







## FLORA PALMS

સાઈટ : એલ.ઈ. કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં
મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૨

Contact : 99252 48651, 86000 04901

## FLORA 11


સાઈટ : ફ્લોરા ૧૧, રવાપર રોડ,
ફ્લોરા ૧૫૮ ની પાસે, મોરબી - ૩૬૩૬૪૧

Contact : 99252 48651, 98250 30271




સ્થાપક શ્રી કિશોરભાઈ વિરમગામાના સાહસ, પુરુષાર્થ અને એકમેવ લગનથી સાકાર થયેલ એક સ્વપ્ન જેણે ગુજરાતમાં ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ્સ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી છે.

સુંદરતમ પ્રોજેક્ટ્સ જે ગુણવત્તાની દ્રષ્ટિએ તો શ્રેષ્ઠતમ હોય પરંતુ કલાત્મકતાના પણ નવા માપદંડ સ્થાપિત કરે તે ફ્લોરા ગ્રુપની પહેચાન છે. ફ્લોરા ગ્રુપના પ્રોજેક્ટ્સ ત્યાં વસનારા લોકો માટે આજીવન આનંદ અને પરમ સંતોષનું કારણ બન્યું છે અને એટલે જ આટલા વર્ષોની અડીખમ ઓળખ, પ્રત્યેક પ્રોજેક્ટ સાથે વધુ મજબૂત બની છે.



શ્રી કિશોરભાઈ વિરમગામા

વિશ્વાસ અને
ગુણવત્તાના પાયા પર
**રચાયેલી અડીખમ
ઓળખ...**

## FLORA FARMS

Site : Flora Farms, B/H. Sanala Village,
Rajkot - Morbi Highway, Sanala, Morbi

Contact : 99252 48651, 98250 30271







## FLORA IRIS

એડ્રેસ : ફ્લોરા આઈરીસ, સાનિધ્ય બંગ્લોઝની સામે,
ફ્લોરા એકઝોરા રોડ,સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮

Contact : 95795 22222 , 95125 12222



**ડો. પ્રભુદાસ પટેલ**
(તંત્રી)

# વામન રાજાનો - વિરાટ હિંડોળો





गुणाः पूजास्थानं गुणिषु च लिंगम न च वय !

જાતિ કે ઉંમરના ભેદ સિવાય ગુણીજનોના ગુણની પૂજા થાય છે. કડી શહેરમાં રાજસ્વી - ઓજસ્વી - તેજસ્વી અભિવાદન સમારોહ કડીના પનોતા પુત્ર, પાટીદારોનું સન્માન ગણાતા એવા **પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની રજતતુલા સહિત શ્રેષ્ઠ ગુણાનુવાદ સમારોહ સંપન્ન થયો.**

દર વર્ષે બ્લડ ડોનેશનથી ઉજવાતો જન્મદિવસ આ વર્ષે વિશિષ્ટ રીતે ઉજવાયો. કડી - નાની કડીની અનેક સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓના ઉપક્રમે **તા. ૨૨ જુલાઈના રોજ ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવાયો.** આ પ્રસંગે સમગ્ર ઉત્તર ગુજરાતના જાણીતા રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા.

કોઈ પણ જાતના વિવાદ વગર છેલ્લા પાંચ દાયકાની સમગ્ર ગુજરાતમાં જાતિ - જ્ઞાતિ - ધાર્મિક કે સંપ્રદાયના ભેદ વગર રાજકીય - સામાજિક - શૈક્ષણિક સેવાઓ પૂરી કરનાર **શ્રી નીતિનભાઈ સાહેબને ગુજરાતના લાલ બહાદુર શાસ્ત્રી કહી શકાય.** તેમની વહીવટી કુશળતા - નિર્ણયશક્તિ - દીર્ઘદૃષ્ટિ - કુનેહબાજ દૃષ્ટિ અને માનવીય અભિગમને વંદન.

જો નીતિનભાઈ સાહેબને તેમના પરિવાર અંગે પૂછવામાં આવે તો **સ્વાભાવિક રીતે નીચે મુજબ માર્મિક શબ્દોમાં પ્રતિભાવ આપે તેવી એક મધુર કલ્પના કરી છેઃ**

હું નીતનવું પ્રભાત છું, ને **રતિલાલ**નું સંતાન છું.
મા **ચંપા**નો સુત છું, ને **સુલોચના**નો ભરથાર છું.
**જૈમિન-સન્ની**નો તાત છું, ને વામન છતાં વિરાટ છું.
પરિવાર મારો - હું પરિવારનો, એવી મારી **સરકાર** છું. ■


# બાલ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. ભગીરથ પટેલ**
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

दे दी हमें आझादी, बिन खड्ग बिना ढाल
साबरमती के संत तूने कर दिया कमाल...

# બે ઘડા: બળિયાથી દૂર રહેવામાં જ શાણપણ



એક વખત નદીમાં મોટું પૂર આવ્યું. તે વખતે નદીમાં કેટલીયે ચીજવસ્તુઓ તણાઈને વહેતી જતી હતી. એમાં **એક તાંબાનો અને બીજો માટીનો એમ બે ઘડા પણ તરતા તરતા જતા હતા.**

તાંબાના ઘડાએ માટીના ઘડાને જોયો અને બોલ્યો, ‘દોસ્ત, તું પોચી માટીને બનેલો છે, નાજુક છે. **તારી ઇચ્છા હોય તો મારી પાસે આવ. તને કોઈ નુકસાન થવાનું હશે તો હું તને બચાવી લઈશ.’**

‘મિત્ર, તેં મારા માટે ભલી લાગણી બતાવી તેથી તારો આભાર.’ માટીના ઘડાએ કહ્યું અને ઉમેર્યું, ‘પણ તારી તદ્દન નજીક આવવાની મારી હિંમત થતી નથી. તું રહ્યો સખત અને મજબૂત, જ્યારે હું રહ્યો માટીનો - પોચો. ભૂલમાંય આપણે જો અથડાઈ જઈએ તો મારા તો ચૂરેચૂરા થઈ જાય. **તું મારું ભલું જ ચાહતો હોય તો મારાથી દૂર જ રહેજે. એમાં જ મારી ભલાઈ છે.’**

આમ બોલતો **માટીનો ઘડો હળવે હળવે તરતા તાંબાના ઘડાથી દૂર દૂર ચાલ્યો ગયો.** ■

# વાંદરી અને તેનું પ્યારું બચ્ચું



એક હતી પરી. તેણે જાહેર કર્યું કે, **‘પ્રાણીઓમાં જેનું બચ્ચું સૌથી વધુ રૂપાળું હશે તેને હું કીમતી ઈનામ આપીશ.’**

આ સાંભળી બધાં પ્રાણીઓ પોતપોતાનાં બચ્ચાંને લઈને એક સ્થળે ભેગાં થયાં. પરીએ એક પછી એક એમ દરેક પ્રાણીની મુલાકાત લીધી. તે દરેક બચ્ચાને ધ્યાનથી જોતી, મધુર મલકતી અને આગળ વધી જતી. એમ ફરતાં ફરતાં એક વાંદરીના બચ્ચાને જોઈ તેણે મોં મચકોડ્યું. વાંદરીનું બચ્ચું બૂચું હતું. તેનું નાક સપાટ હતું. એ જોઈ **પરીએ કહ્યું, ‘કેટલું કદરૂપું... આને તે વળી કાંઈ ઈનામ અપાય?’**

પરીના આ અપમાનજનક શબ્દોથી વાંદરીનું હૃદય ઘવાયું. કઈ મા પોતાના બાળક વિશે આવા નબળા શબ્દો સાંભળી શકે? વાંદરીએ પોતાના બચ્ચાને છાતીસરસું ચાંપીને તેના કાનમાં ધીમેથી કહ્યું, ‘કંઈ વાંધો નહીં બેટા, હું તને ખૂબ જ પ્યાર કરું છું. મારે માટે તો તું જ કીમતી છે. **મારે પરીનું કોઈ ઈનામ જોઈતું નથી. ઈશ્વર તને લાંબુ આયખું આપે, બેટા...’** ■

*(સૌજન્ય: નવનીત એજ્યુકેશન લિમિટેડ)*

## શ્રદ્ધાંજલિ



## સ્વ. ડો. વસંતભાઈ એ. ધોળુ

**ચેરમેન - યૂથ કાઉન્સિલ, વી.યુ.એફ.**

**મધ્યાહ્ને સૂર્યાસ્ત**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના યૂથ કાઉન્સિલના ચેરમેન **ડૉ. વસંતભાઈ ધોળુ** હવે આપણી વચ્ચે નથી. થોડા સમયમાં જ તેમણે સંસ્થામાં એક આગવું વ્યક્તિત્વ ઊભું કર્યું હતું. તેમની પ્રતિભાને વંદન. **કેટલાંક પાત્રો આ ધરતી ઉપર અલ્પ સમય માટે આવે છે, પરંતુ તે સમયમાં પૂર્ણરૂપે પ્રકાશી જાય છે.**

આ તો મધ્યાહ્ને સૂર્યાસ્ત થાય તેવું થયું. વિધાતા પણ દયાહીન બન્યા. પાંચે આંગળીઓમાં અંગૂઠે વાઢ મૂક્યો. ખેર ! ‘ઈશ્વરેચ્છા બલિયસિ’, ઈશ્વરની ઇચ્છા બળવાન છે. બાકી તેમની જગ્યા પુરાશે, પણ ખોટ નહીં પુરાય. **જીવન દીર્ઘ ન હોય તો ચાલે, પણ જેટલું હોય તેટલું ઊર્ધ્વગામી હોવું જોઈએ.**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પવા તથા તેમના પરિવારજનોને **દુઃખમાંથી મુક્ત થવા ધીરજ અને શાંતિ અર્પો એવી અભ્યર્થના કરે છે.**

# પ્રવૃત્તિઓ

## કારોબારી મીટિંગ




સંસ્થાની કારોબારી મીટિંગ પ્રમુખશ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને એજન્ડાના કામો સારું મળેલ. જેમાં સંસ્થાએ વર્ષ દરમિયાન કરેલ કામગીરી, અન-ઓડિટેડ હિસાબો, મંદિર બાંધકામની કામગીરી, ઉમા શૈક્ષણિક સહાય, મંદિરના ગર્ભગૃહના ધર્મસ્તંભ નોંધણી તેમજ આગામી કાર્યક્રમોને અનુલક્ષીને વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી.

## શ્રી ઉમિયા નવશક્તિધામ - કંટકી પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકા મા ઉમિયાના ચરણોમાં અર્પણ





શ્રી ઉમિયા નવશક્તિધામ રીચમોન્ડ - કંટકી, યુ.એસ.એ. માં જગતજનની મા ઉમિયાના મંદિરનું નિર્માણ થઈ રહેલ છે જેની પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની આમંત્રણ પત્રિકા વિશ્વ ઉમિયાધામ ખાતે બિરાજમાન જગતજનની મા ઉમિયાના ચરણોમાં અર્પણ કરવામાં આવેલ.

## અમદાવાદ - પૂર્વમાં રામકથા દરમિયાન મા ઉમિયાની પાલખી પધરામણી

જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા મંદિર નિર્માણના સહયોગ અર્થે શ્રીરામ કથાના આયોજન દરમિયાન પૂર્વ વિસ્તારમાં મા ઉમિયાના વધામણા ઘર-ઘર પરિવારમાં આગમન થાય તે ઉદ્દેશથી પાલખીમાં મા ઉમિયાનું સ્થાપન કરી પૂર્વ વિસ્તારમાં પાલખી પધરામણી - રાત્રિ રોકાણનું આયોજન કરવામાં આવેલ.



# પ્રવૃત્તિઓ

## અમદાવાદ - પૂર્વમાં નવીન કાર્યાલયનો શુભારંભ





અમદાવાદ પૂર્વમાં વસતા પરિવારોને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવા શુભ આશ્રયથી નિકોલ - અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયાધામ કાર્યાલયનો શુભારંભ માન. પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદહસ્તે અને સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતા ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકર્તા ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.



## લોક ડાયરો

નિકોલ - અમદાવાદ પૂર્વ વિસ્તારમાં મા ઉમિયાના મંદિર નિર્માણ અર્થે વિશ્વ ઉમિયાધામ દ્વારા શ્રીરામ કથાનું આયોજન તા. ૨૩ એપ્રિલથી ૧ મે, ૨૦૨૩ દરમિયાન કરવામાં આવેલ, તે નિમિત્તે શ્રી સાંઈરામ દવે - હાસ્ય કલાકારની મધુર વાણીથી ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ.

## અમદાવાદ, નિકોલ ખાતે શ્રી રામકથાનું પારાયણ

વિશ્વના સૌથી ઊંચા જગતજનની મા ઉમિયાના શક્તિ મંદિરનો ૫૦૪ ફૂટ ઊંચો ગગનવિહાર ૧૪૪૦ જેટલા પાયાના પિલ્લર ઉપર બંધાઈ રહ્યો છે, ત્યારે મા ઉમિયાના મંદિર નિર્માણના સહયોગ અર્થે શ્રીરામ કથાનું આયોજન તા. ૨૩ એપ્રિલથી ૧ મે, ૨૦૨૩ દરમિયાન કરવામાં આવેલ.



શ્રી રામ કથાના મુખ્ય યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી વાજતે-ગાજતે પોથીયાત્રાનું પ્રસ્થાન



શ્રી રામ કથાના મુખ્ય યજમાનશ્રી વિક્રમભાઈ પી. પટેલ પ્લેટિનમ દાતાટ્રસ્ટીશ્રી - VUF તથા પરિવારનું ભાવભર્યું સન્માન

# શ્રી રામકથા - અમદાવાદ, નિકોલ







શ્રી રામ કથાના દૈનિક યજમાનશ્રી તેમજ સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓનું સન્માન



શ્રી રામ કથા દરમિયાન
કથાનું રસપાન કરતા ભાવિ-ભક્તો



કથાકાર પ. પૂ. શ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીના આશીર્વાદ
મેળવતા માન. પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ




માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું
સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, હોદ્દેદારશ્રીઓ
તથા કાર્યકર્તાઓ દ્વારા સન્માન




શ્રી રામ કથા દરમિયાન
સાંસદ શ્રી એચ.એસ.પટેલનું સન્માન




શ્રી રામ કથા દરમિયાન તન-મન-ધન અને ઉત્સાહપૂર્વક કાર્ય કરેલ તે તમામ દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓને અભિવાદન કરી સન્માનિત કરવામાં આવ્યા.

# પ્રવૃત્તિઓ

## મન કી બાત - ૧૦૦ મો સ્પેશિયલ એપિસોડ




ભારત દેશના યશસ્વી અને લોક લાડીલા માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો ૧૦૦ મો એપિસોડ મન કી બાત ઉત્સાહપૂર્વક અને જિજ્ઞાસા સાથે અમદાવાદ - નિકોલ વિસ્તારમાં પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, રાજકીય મહાનુભાવો તેમજ કાર્યકર્તાઓ વિગેરે ઉપસ્થિતિ રહેલ. જેમાં વડાપ્રધાનશ્રીએ મનકી બાબતમાં સામુહિક રીતે દરેકના સહયોગ થકી સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણમાં દરેક નાગરિકનું યોગદાન મળી રહે તેવા અનેક મુદ્દાઓ ઉપર પ્રવચન આપેલ.

## ગવર્નમેન્ટ સેક્રેટરી એન્ડ ચીફ કમિશ્નર વિશ્વ ઉમિયાધામની મુલાકાતે






શ્રી વી.એસ.ગઢવી-આઈ.એ.એસ. રીટાર્યડ, શ્રી અરવિંદભાઈ શુકલા-આઈ.એ.એસ. રીટાર્યડ, શ્રી પ્રકાશભાઈ શાહ-આઈ.એ.એસ. રીટાર્યડ, શ્રી દિનેશભાઈ બ્રહ્મભટ્ટ-આઈ.એ.એસ. રીટાર્યડ તેમના પરિવાર સાથે ડો. ભગીરથભાઈની પ્રેરણાથી વિશ્વ ઉમિયાધામની મુલાકાતે મા ઉમિયાના દર્શનાર્થે પધાર્યા હતા, ત્યારબાદ સંસ્થાના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધેલ અને પ્રમુખશ્રી આર.પી. પટેલે સંસ્થાના વીઝન અને મીશનથી માહિતગાર કર્યા હતા.

## શ્રી રામકથા અંતર્ગત કાર્યકર્તાઓનો સન્માન સમારોહ





નિકોલ - અમદાવાદ ખાતે આયોજીત શ્રી રામકથા દરમિયાન જે કોઈ દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠન કાર્યકર્તા ભાઈઓ/બહેનોએ ખડે પગે ઉભા રહી તન-મન-ધન અને અથાગ્ મહેનત કરીને રામકથાને સફળ બનાવેલ તે તમામ કાર્યકર્તાઓને સન્માનિત કરવા અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવેલ.

HIR-ASHA SKY

# 3BHK

## LUXURIOUS APARTMENT

94268 90010/79843 83366

**HIR-ASHA SKY,**
**Sagar Sangeet Cross Road, Science City,**
**Sola, Ahmedabad**

**RAJ DEVELOPERS**

Dashrathbhai A. Patel
(Ex Sarpanch, Sola)

Krishnakant R. Patel
(Sola)



RERA NO: PR/GJ/AHMEDABAD AHMEDABAD CITY/AUDA/MAA09622/311221 www.gujrera.gujarat.gov.in

# The Fastest Growing Brand in India

CELEBRATING MORE THAN 15 YEARS OF EXCELLENCE

FLEXIBOND®

AN ATTACHMENT


Aluminium Composite Panel


PVC / WPC Foam Board


WPC Solid Doors & Frames


PVC Laminate

| | | |
|---|---|---|
| 7+ CERTIFICATES | 5000+ PROJECTS | 10+ COUNTRY EXPORT |
| 70,000 Sq. Mtr. PRODUCTION AREA | 20+ MAJOR STOCK POINTS | 30+ CORPORATE SUPPLY |

Umiya Flexifoam Pvt. Ltd. | Umiya Carbon Pvt. Ltd. | Flexibond Decoratives LLP

info@flexibond.com www.flexibond.com +91 92280 25446



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## વિશ્વ ઉમિયાધામ ખાતે મધર્સ ડે અંતર્ગત વિશેષ કાર્યક્રમ






તા. ૧૪-૦૫-૨૦૨૩, રવિવારના મધર્સ ડે અંતર્ગત વિશેષ પ્રોગ્રામ ડો. ઝરણા પટેલેના માર્ગદર્શન હેઠળ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ, જેમાં ડો. ઝરણાએ ગર્ભ સંસ્કાર, ગાયનિક સોલ્યુસેશન, આઈ.વી.એફ, ફાઈબ્રોઈડ પ્રોબ્લેમ, બ્રેસ્ટ કેન્સર તેમજ જીવનમાં તંદુરસ્ત રહેવા માટે શું કરવું જોઈએ તેના વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ.

## પંડિત શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રીજી (બાગેશ્વર ધામ) દ્વારા મા ઉમિયાના મંદિરની શિલાનું શિલાપૂજન






તા. ૨૮-૦૫-૨૦૨૩ ના રોજ પંડિત શ્રી ધીરેન્દ્ર શાસ્ત્રીજી (બાગેશ્વર ધામ) વિશ્વ ઉમિયાધામમાં જગતજનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. ત્યાર બાદ તેમણે પ્રવચન દરમિયાન કહ્યા કિ, "विश्व उमियाधाम में आकार बहुत प्रसन्नता हुई, समाज में जगत जननी मा उमिया माता का दरबार पूरे देश को उन्नति दे, हम पुनः आयेंगे विश्व उमियाधाम में"।

## દિવ્યરથ પરિભ્રમણ

### વડોદરા જીલ્લા - તાલુકા





વિશ્વ ઉમિયાધામ આયોજીત જગતજનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ વડોદરા શહેર - તાલુકા તથા વાપી - વલસાડમાં કરવામાં આવેલ તે દરમિયાન સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર મિત્રો તથા ભાવિ-ભક્તોએ ઉમળકાભેર સ્વાગત કરી મા ઉમિયાના દિવ્યરથના પરિભ્રમણને સફળ બનાવેલ તે બદલ તમામ ભાવિ-ભક્તોને સંસ્થા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને તમામ ભાવિ-ભક્તોની હર મનોકામના પૂર્ણ થાય તેવી મા ઉમિયાને પ્રાર્થના સહ.

### વલસાડ - વાપી






## પર્યાવરણ દિવસ નિમિત્તે વિશ્વ ઉમિયાધામ - ઉપવનમાં વૃક્ષારોપણ



સંસ્થા દ્વારા વિશ્વ ઉમિયાધામ - જાસપુર ઉપવન ખાતે ૧.૫ લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ જતન સાથેની કામગીરી પૂરજોશમાં ચાલી રહેલ છે, ત્યારે તા. ૦૫-૦૬-૨૦૨૩ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૧૦૦૦ થી વધારે વૃક્ષારોપણ સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓએ કરી "પર્યાવરણ બચાવો" ના મંત્રને સાર્થક કરેલ.

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - ગાંધીનગર

મંદિર નિર્માણમાં સર્વ સમાજના દરેક પરિવારો સહયોગી બની શકે તેવા ઉમદા ઉદ્દેશથી સંસ્થાએ તા. ૧૧ જુન થી ૧૭ જુન, ૨૦૨૩ દરમિયાન પ.પૂ. કથાકાર શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજીની અમૃતવાણીથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન રાયસણ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ, જે ભાગવત જ્ઞાનયજ્ઞની એક ઝલક...



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન
કથાકાર પ.પૂ. રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીનું સન્માન



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના મુખ્ય યજમાનશ્રી પ્રમુખભાઈ
ડી. પટેલ-ડાયમંડ દાતાશ્રી-VUF તેમજ પરિવારનું સન્માન



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન સંસ્થાના
પ્રમુખશ્રી આર. પી. પટેલનું પ્રેરક પ્રવચન



શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન સંસ્થાના
દાતાટ્રસ્ટીશ્રીઓનું સન્માન

## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - રાયસણ, ગાંધીનગર



અનંતશ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ
શંકરાચાર્યશ્રી સદાનંદ સરસ્વતીજી મહરાજનું સન્માન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી - ઈફ્કો ગુજકો માસોલનું સન્માન









મહંત સ્વામીશ્રી પી.પી. સ્વામીનું સન્માન





શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન તન-મન-ધન અને ઉત્સાહપૂર્વક કાર્ય કરેલ તે તમામ દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓને અભિવાદન કરી સન્માનિત કરવામાં આવ્યા.

## વિશ્વ ઉમિયાધામ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે અનોખી પહેલ



ઉમા શૈક્ષણિક સહાય દ્વારા સમાજના છેવાડાના વર્ગને મદદરૂપ થવાના સંસ્થાના અભિયાનમાં સામાજિક દાયિત્વની ભાવનાથી ઉપર ઉઠીને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓએ ગત વર્ષ મુજબ આ વર્ષે પણ ૭૫ થી વધારે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવેલ છે, તે બદલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ પ્રત્યે સંસ્થા ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે.

## સુરત શહેર - જીલ્લા સંગઠન - આંતરરાષ્ટ્રીય યોગ દિવસ





ગુજરાત યોગ બોર્ડ તથા સુરત મ્યુનિ. કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન સુરત ખાતે કરવામાં આવેલ, જેમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સુરત જીલ્લા સંગઠન સહયોગી બનેલ. જેમાં એક હજારથી વધુ દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

### કથા પોર્ટલનો શુભારંભ




વિશ્વ ઉમિયાધામ દ્વારા કથા પોર્ટલનો શુભારંભ કરી દીધેલ છે, જેનાથી આપને આગામી સમયમાં આવનાર કથા તેમજ સંસ્થાની અગાઉ આયોજીત કથાઓ પણ સંસ્થાની વેબસાઈટ ઉપર જઈ કથા પોર્ટલ ઉપર આપ નિહાળી શકશો.

### બિપરજોય વાવાઝોડામાં મદદરૂપ



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - કચ્છ જીલ્લા - તાલુકા સંગઠન ટીમે બિપર જોય વાવાઝોડા દરમિયાન વિવિધ વિસ્તારોમાં હેલ્પલાઈન કન્ટ્રોલ રૂમનું આયોજન કરેલ. જેમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારશ્રીની સાથે મદદરૂપ થઈ સરાહનીય કાર્ય કરવા બદલ સંસ્થા તમામ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### Vibes વડોદરા તક્ષશિલા શુભારંભ



સંસ્થા દ્વારા વડોદરા શહેરમાં Vibes ની પ્રથમ તક્ષશિલા ચેપ્ટરનો શુભારંભ સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલના વરદ્હસ્તે કરવામાં આવેલ, જેમાં મોટી સંખ્યામાં યુવાધન બિઝનેસમેન જોડાયેલ






Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set

# THE SPIRE

**3 BHK HAPPY LIVING & SHOPS**

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High



# NOW STUDY IN TOP INTERNATIONAL UNIVERSITIES ABROAD

CAN | US | AUS | NZ | UK

## Call Now +91 9574008581

# IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



**3 BHK**

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



# સંજયભાઈ પટેલ
# (વિસલપુર)

**+91 98254 42197**